૨૯૧૧

ભૂગોળ જ્ઞાન.

પ્રથમ ભાગ.

એસિયા ખંડનું વર્ણન.

(આ પુસ્તક સન ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ પ્રમાણે
રજીસ્ટર કરેલું છે.)

ચોથી વાર.

મુંબઈ,
જહા. રૂ. રાણીનાના યુનિયન પ્રેસમાં છાપ્યુંછે.

સને ૧૮૮૬.

કિંમત આના ૪.

આ પુસ્તક તૈયાર કરવામાં ડાકટર માર્કે, ડાકટર રીડ, ડાકટર કાર્ન-વેલ, ડાકટર સુલિવન, હ્યુગોરીડ, ડંકન, મૉનડર્સ, બર્જીસ, એન્ડરસન, એમના ગ્રંથો અને પુસ્તકોની, તેમજ કેટલાંક મહાવારી ચોપાનિયાં તથા રોજીંદાં વર્ત્તમાન પત્રોની મદદ ને આધાર લીધાં છે, માટે આ પુસ્તકનો રચનાર તે સર્વના [illegible]ર ને એહસાન માનસહિત માનવાની ને કબુલ રાખવાની પોતાની આધીન ફરજ સમજે છે.

જાનેવારી
૧૮૭૬.

રચનાર.

ભૂગોળ વિદ્યા.

૧—ભૂગોળ એ એક વિદ્યા છે કે જેથી કરીને આપણે પૃથ્વીનો આકાર—તેનું મહત્વ યાને કદ, તેની ગતિ અથવા ચાલ, તથા માણસના કીધેલા ખુદરતી અને રાજદ્વારી થએલાં ભાગો જાણીએછે.

૨—પૃથ્વીનો આકાર ઘણુંકરીને બધી બાજુએથી ગોળ નારંગીના સરખો છે.

૩—પૃથ્વીની ઉગ .ણુ અને પશ્ચિમ બાજુઓ કરતાં ઉત્તર અને દક્ષિણ બાજુઓ ભરતમાં ૨૬ મૈલ ચપટી યાને દબાયલી અથવા કમતર છે.

૪—પૃથ્વીનો પરિધ અથવા ઘેરાવો ૨૪૮૯૭ મૈલ છે. અને વ્યાસ એટલે પૃથ્વીનું મધ્યબિંદુ ચીરીને દક્ષિણોત્તર ગએલી જે લીટી તે ૭૯૨૪ મૈલ છે.

૫—પૃથ્વીની ચાલ બે તરાંહની એક દૈનિક જે પોતાની આંસ યાને ધરી ઉપર ફરનારી; એ ચાલથી દહાડો ને રાત થાયછે, અને તે ૨૪ કલાકે પૂરી થાયછે, બીજી વાર્ષિક ચાલ છે. જે સૂર્યની આસપાસ ફરી વળેછે. એ ચાલથી રૂતુઓ ઉત્પન્ન થાયછે, અને તે ૧ વર્ષ અથવા ૩૬૫ દિવસ અને નજદિક ૬° કલાકે પૂરી થાયછે.

૬—પૃથ્વીનો સૂર્યની આસપાસ ફરવાનો જે માર્ગ તેને કક્ષા કરીને કહેછે.

૭—પૃથ્વીની આંસ અથવા ધરી કરીને જે લીટી આપણે બોલીએછે તે ફક્ત કલ્પિત યાને ધારેલીજ લીટી સમજવી. પૃથ્વીનું મધ્યબિંદુ ચીરીને દક્ષિણોત્તર તે આરપાર નિકળેલી હોયછે, ને તેનાપર પૃથ્વી ફરેછે.

૮—એ ધરી અથવા આંસના બેઉ છેડાઓ મધેના એકને **ઉત્તર ધ્રુવ** અને બીજાને **દક્ષિણ ધ્રુવ** કરીને કહેછે.

૯—પૃથ્વીના બંધે ધ્રુવોની સરખે અંતરે કહાડેલું જે પૂર્વ પશ્ચિમ વર્તુળ તેને **વિષુવવૃત્ત** કરીને કહેછે. એ વર્તુળે કરીને પૃથ્વીના ઉત્તર ગોળાર્દ્ધ અને દક્ષિણ ગોળાર્દ્ધ એવા બે સરખા ભાગ થાયછે. એ વર્તુળ ઉપર જે જે જગ્યા અને ઠેકાણાં આવ્યાં છે ત્યાં સૂર્યનાં કિરણો ઉભાં ને સીધાં પડ્યાથી તાપ ઘણો સખ્ત મારેછે; તથા દહાડો ને રાત સરખાં હોયછે.

૧૦—વિષુવવૃત્ત અને તેની આસપાસના બીજાં બધાં વર્તુળો તેઓ ઉપર આવેલી જગ્યાઓનાં ઠેકાણાં મુકરર કરવા અને તેઓના એક બીજાથી અંતર જાણવાના કામમાં આવેછે.

૧૧—વિષુવવૃત્તની આસપાસ સરખે અંતરે ઉત્તર દક્ષિણ કહાડેલાં જે વર્તુળો તેને **અક્ષાંસ** કરીને કહેછે. તે પૂર્વથી પશ્ચિમે કહાડેલાં હોયછે, તે હરેક જગ્યાનું વિષુવવૃત્તથી ઉત્તર યા દક્ષિણ અંતર બતાવેછે.

૧૨—વિષુવવૃત્તને ચીરીને લંબરૂપે ઉત્તર તથા દક્ષિણ ધ્રુવોમાં થઇને જનારી જે લીટી તેને **યામ્યોત્તર** અથવા **રેખાંશવૃત્ત** કરીને કહેછે. વળી એને મધ્યાન રેષા કરીને પણ કહેછે. એ મધ્યાન રેષાએ કરીને પૃથ્વીના પૂર્વ ગોળાર્દ્ધ અને પશ્ચિમ ગોળાર્દ્ધ એવા બે સમભાગ થાયછે.

૧૩—એ દરેક લીટી અથવા રેષાના એક ધ્રુવથી તે બીજા ધ્રુવસુધીમાં ૧૮૦ ભાગો કર્યા હોયછે; અથવા પૃથ્વી ઉપરના દરેક આખાં વર્તુળના બરાબર ૩૬૦ ભાગો કર્યા હોયછે, ને તે દરેક ભાગને **અંશ** કરીને કહેછે, એ હિસાબે વિષુવવૃત્તથી તે હરેક ધ્રુવસુધી ૯૦ અંશ થાયછે; માટે હરેક જગાના અક્ષાંસ વધારેમાં વધારે ૯૦, અને ઓછામાં ઓછાં (૦) સૂન્ય હોયછે. એવાં દરેક અંશનું માપ અંગ્રેજી ૬૯ મૈલનું થાયછે.

૧૪—પૃથ્વી ઉપર મુખ્ય ચાર **રેષાવૃત્તો** છે. ૧—ઉત્તર ધ્રુવવૃત્ત; ૨—મકરવૃત્ત; ૩—કર્કવૃત્ત; અને ૪—દક્ષિણ ધ્રુવવૃત્ત.

૧૫—એ ચાર વૃત્તોથી કરીને પૃથ્વીના પાંચ **કટિબંધ** થાયછે. બે સીત કટિબંધ; બે સમસીતોષ્ણ કટિબંધ; અને એક ઉષ્ણ કટિબંધ.

૧૬—વિષુવવૃત્તથી બેઉ બાજુએ ૨૩॥ અંશોમાં એટલે મકર અને કર્કવૃત્તોની વચ્ચે જે ભાગ આવ્યોછે, તેને ઉષ્ણ કટિબંધ કહેછે; ને એ ભાગમાં સૂર્યની ગરમી ઘણી લાગેછે.

૧૭—વિષુવવૃત્તની બેઉ બાજુએ ૨૩॥ ના અંશથી તે ૬૬॥ ના અંશ સુધીના જે બેઉ બાજુના ભાગો તેને ઉત્તર સમસીતોષ્ણ અને દક્ષિણ સમસીતોષ્ણ કટિ[illegible] કહેછે. એ બેઉ કટિબંધોમાં ઠંડી તથા ગરમી બંધે ઘણું કરીને સરખાં પ્રમાણમાં હોયછે.

૧૮—ઉત્તર ધ્રુવવૃત્તથી તે ઉત્તર ધ્રુવ વચ્ચેના ભાગને ઉત્તર સીત કટિબંધ તેમજ દક્ષિણ ધ્રુવવૃત્તથી તે દક્ષિણ ધ્રુવ વચ્ચેના ભાગને દક્ષિણ સીત કટિબંધ કરીને કહેછે. આ બેઉ કટિબંધોમાં સદા બરફ પડ્યો રહેછે. ઠંડી સુમાર વિનાની હોયછે. અને વધતાં વધતાં છેક ૬ મહિના સુધી દિવસ ને ૬ મહિના સુધી રાત થઈ રહેછે.

૧૯—બરોબર સરખું આપણા માથા ઉપર આકાશમાં જે એ કલ્પિત અથવા ધારેલું બિંદુ હોયછે તેને **શિરો બિંદુ** કરીને કહેછે, તેમજ આપણા પગ નીચેનું જે બિંદુ તેને **અધો બિંદુ** કરીને કહેછે.

૨૦—ઉપલાં બેઉ કલ્પિત બિંદુઓની સરખે અંતરે કાહાડેલું જે વર્તુળ તેને ખરી **ક્ષિતિજ** અથવા **દૃષ્ટિ મર્યાદા** કરીને કહેછે; પણ આકાશ અને પૃથ્વી આપણને સાથે મળેલાં દેખાયછે, તેને **દૃષ્ટિગોચર ક્ષિતિજ** કરીને કહેછે.

૨૧—પૃથ્વીની ઉપરની જગ્યા જાણવા તથા ચોકસ કરવાને માટે મુખ્ય ચ્યાર દિશા અથવા બાજુઓ કલ્પેલીછે. ૧—પૂર્વ અથવા ઉગમણ, ૨—પશ્ચિમ અથવા આથમણ, ૩—ઉત્તર, અને ૪—દક્ષિણ.

૨૨—જે તરફથી સૂર્ય ઉગતો યાને નિકળતો દિસેછે તેને પૂર્વ દિશા કહેછે. જે તરફ સૂર્ય આથમતો યા અસ્ત પામતો જોઇએછે તેને પશ્ચિમ દિશા કહેછે. હવે જો પૂર્વ દિશા તરફ મહોડું કરીને ઉભા રહીએ તો ડાબા હાથ તરફની ઉત્તર દિશા, અને જમણા હાથ તરફની દક્ષિણ દિશા જાણવી.

૨૩—જો નકશા ઉપર દિશા સમજવી હોય તો નકશો આપણી સામો રાખ્યાથી ઉપરની બાજુ તે ઉત્તર, હેઠલની તે દ[illegible] જમણી બાજુ તે પૂર્વ અથવા ઉગમણ, અને ડાબી બાજુ તે પશ્ચિમ અથવા આથમણ દિશા એમ સમજવું.

૨૪—એ ચ્યાર મુખ્ય દિશા વચે ચ્યાર મુખ્ય ખૂણા છે. ૧—ઈશાન, ૨—અગ્નિ, ૩—નૈરૂત્ય, અને ૪—વાયવ્ય. ઉત્તર ને પૂર્વની વચેનો જે ખૂણો તે ઈશાન; પૂર્વ ને દક્ષિણની વચેનો તે અગ્નિ, દક્ષિણ ને પશ્ચિમની વચેનો તે નૈરૂત્ય અને પશ્ચિમ ને ઉત્તરની વચેનો તે વાયવ્ય ખૂણો.

૨૫—પૃથ્વીની સપાટી પાણી અને જમીન એવા બે ભાગોમાં વહેંચાયલીછે. એક ભાગમાંથી લગાર ઓછી જમીન છે. અને બે ભાગ કરતાં વધારે પાણી છે. જો ચોકસ બોલીએ તો ૧૦૦૦ ભાગમાં ૨૬૬ ભાગ જમીન અને ૭૩૪ ભાગ પાણી છે.

૨૬—જમીનને લગતા મુખ્ય ભાગોમાં—ખંડો, ટાપુઓ અથવા બેટો, દ્વીપકલ્પો, સંયોગિ ભૂમિયો, ભૂશિરો, અથવા ભૂશ્લાકાઓ, અને પર્વતો વગેરે છે.

૨૭—જમીનનો ઘણો મોટો ભાગ જેમાં ઘણા દેશો આવ્યા હોય તેને **ખંડ** કરીને કહેછે. જેવાકે યુરોપ, એશિયા વગેરે.

૨૮—જમીનનો એક ભાગ કે જેમાં ઘણા ઇલાકા અને પ્રાંતો હોય તેને **દેશ** કરીને કહેછે.

દેશના ભાગ કીધાથી દરેક ભાગને **ઇલાકો** કહેછે.

ઇલાકાના ભાગ કીધાથી દરેકને **પ્રાંત** કહેછે.

કેટલાંક સંસ્થાનો મલીનેબી પ્રાંત થાયછે.

પ્રાંતના ભાગ કીધાથી દરેકને **જિલ્લો** કરીને કહેછે.

જિલ્લાના ભાગ કીધાથી દરેકને **પરગણું** કે **તાલુકો** કરીને કહેછે.

૨૯—જમીન[illegible] ભાગ જે ચોમેરથી પાણીએ વિંટળાયો હોય તેને **ટાપુ**, **બેટ**, યા **દ્વીપ** કરીને કહેછે. જેવા કે ગ્રેટબ્રિટનનો, સિલાનનો વગેરે.

૩૦—જમીનનો જે ભાગ ઘણો ખરો બધી બાજુઓથી અથવા તો ત્રણ બાજુઓથી પાણીએ વિંટળાયો હોય તેને **દ્વીપકલ્પ** કરીને કહેછે. જેવાકે હિંદુસ્થાનનો, અરબસ્તાનનો, ઇટાલીનો, વગેરે.

૩૧—જમીનના બે મોટા ભાગોને સાંધનારો અથવા જોડનારો જે નાનો અથવા સાંકડો જમીનનો ભાગ તેને **સંયોગિ ભૂમિ** કહેછે. જેવાકે સ્વેઝની [આ સ્વેઝની સંયોગી ભુમીને ખોદી કહાડી છે તેથી તે હવે નેહેર તરીકે ગણાયછે], પેરીકોપની વગેરે.

૩૨—જમીનની જે અણી લાંબી થઇને અથવા વધીને સમુદ્રમાં ગએલી હોયછે તેને **ભૂશલાકા** અથવા **ભૂશિર** કરીને કહેછે. જેમકે હિંદુસ્થાનની દક્ષિણે આવેલી કામોરીન અથવા કન્યાકુમારીની—અરબસ્તાનની પૂર્વે આવેલી રાસલહદ—આફ્રિકાની દક્ષિણે આવેલી ગુડહોપની વગેરે.

૩૩—જમીન ઉપર જે ઊંચા ટેકરા હોયછે તેને **ડુંગર** કરીને કહેછે. જેવા કે ચોપાટીનો, વાલકેશ્વરનો વગેરે.

૩૪—જમીનઉપર ઘણા ઊંચા ઘણા લાંબા અને ઘણા પહોલા એવા જે ડુંગરો તેને **પહાડ** કે **પર્વત** કહેછે. જેવાકે હિમાલય, આલ્પ્સ, વગેરે.

૩૫—કોઇ કોઇ પહાડોમાંથી ધુમાડો, બલતાં, તથા ગરમીથી રાતા થયલા પથરો રાખ અને પીગળેલા પદાર્થો જેને "લાવા" કરીને કહેછે તે ઉભરાઇને બહાર નિકળી સેંકડો મૈલ સુધી પથરાઇ જાયછે, તેવા પહાડોને **જવાલામૂખી** યાને બલતાં મહોડાંના પહાડો કરીને કહેછે. જેવાકે ઇટાલીમધેનો વિસુવ્યસ, સિસિલીમધેનો એટના, આઇસલાંડ મધેનો હેકલા વગેરે.

૩૬—પૃથ્વીની સપાટી ઉપરના પાણીને લગતા મુખ્ય ભાગોમાં—મહાસાગરો, સમુદ્રો, સરોવરો, અખાતો, ઉપસાગરો, મુદ્રધુનીઓ અથવા સંયોગિ જળ, નદીઓ અને ખાડીઓ વગેરે છે.

૩૭—પૃથ્વી ઉપર ઘણો મોટો ખારાં પાણીનો જે ભાગ તેને **મહાસાગર** કરીને કહેછે. જેવા કે પાસિફિક, આટલાંટિક, હિંદી, વગેરે.

૩૮—મહાસાગરનો જે નાનો ભાગ ઘણું કરીને જમીનથી વિંટળાયો હોય તેને **સમુદ્ર** અથવા **સાગર** કરીને કહેછે. જેવા કે અરબી સમુદ્ર.

૩૯—પાણીનો જે ભાગ ચોમેર જમીનથી વિંટળાયો હોય તેને **સરોવર** કહેછે. જેવા કે કાસ્પિઅન, આરલ, બૈકલ વગેરે.

૪૦—જમીન ઉપર ઘણો લાંબો ગએલો સમુદ્રનો જે ફાંટો તેને **અખાત** કહેછે. જેવાં કે કછનું, ઇરાંની, મનારનું વગેરે.

૪૧—અખાતનું મહોડું પહોલું હોય તો તેને **ઉપસાગર** કહેવો. જેમકે બંગાળાનો, બિસ્કેનો, ટેબલનો વગેરે.

૪૨—બે સમુદ્રોને સાંધનારો યા જોડનારો જે નાનો અથવા સાંકડો પાણીનો ભાગ તેને **સામુદ્રધુની** અથવા **સંયોગિજળ** કરીને કહેછે. જેવી કે બહેરિંગની, માનારની, હૂરમઝની વગેરે.

૪૩—ડુંગર, પર્વત કે સરોવરમાંથી નિકળેલો જે પાણીનો ઝરો અથવા પ્રવાહ તેને **નદી** કહેછે. જેવી કે સિંધુ, ગંગા, જમુના વગેરે.

૪૪—જે ઠેકાણેથી નદી નિકળેછે અથવા પેદા થાયછે તેને નદીનું **મૂળ** અને જ્યાં તે કોઈ સમુદ્ર વગેરેને મળેછે તે ઠેકાંણાને તેનું **મુખ** કરીને કહેછે; અને એ બેઉ છેડાઓ વચ્ચેનો જે ભાગ તેને નદીનો માર્ગ અથવા રસ્તો કરીને કહેછે.

૪૫—એક નદી કોઇ બીજી નદી સાથે મળેછે અને બંને સાથે જોડાયછે, ત્યારે તે મેલાપને **સંગમ** કરીને કહેછે. જેવો કે ગંગા જમુનાનો સંગમ.

૪૬—સમુદ્રને મ[illegible] આગમચ ભરતીનું પાણી માંહે આવે એવું જે નદીનું મુખ પહોળું હોય [illegible] ાડી કહેછે, જેવીકે સૂરતની ખાડી,-ઈંગ્લિશ ખાડી, સેંટ જ્યોર્જની ખાડી વગેરે.

૪૭—પૃથ્વીની સપાટી ઉપરની જમીન પાંચ ખંડમાં વહેંચીછે. ૧—યુરોપ, ૨—એશિયા, ૩—આફ્રિકા, ૪—અમેરિકા, ને ૫—આસ્ટ્રેલિઆનો મોટો બેટ.

૪૮—યુરોપ, એશિયા, અને આફ્રિકા એઓને પૂર્વગોળાર્દ્ધ અથવા પૂર્વ મહાદ્વીપ યાતો જુની દુનિયા કરીને કહેછે. અમેરિકાખંડને પશ્ચિમ ગોળાર્દ્ધ અથવા પશ્ચિમ મહાદ્વીપ, યાતો નવી દુનિયા કરીને કહેછે એ ખંડનો શોધ, ઈ૦ સ૦ ૧૪૯૨ ના સાલમાં, જીનોવા શહેરના રહેવાસી, ક્રિસ્ટોફર કોલંબ્બસ નામના નાવિકે, સ્પેન દેશના રાજા ફર્ડિનાન અને રાણી ઈસાબેલાના આસરા હેઠલ, કીધો હતો.

૪૯—એશિયા યુરોપની પૂર્વે છે. આફ્રિકા યુરોપની દક્ષિણે છે; ને એ બેઉની વચ્ચે ભૂમધ્ય સમુદ્ર આવ્યાથી બેઉ એકેકથી છૂટા અથવા જૂદા પડયાછે. અમેરિકા યુરોપ તથા અફ્રિકાની પશ્ચિમે છે અને તે આટલાંટિક મહાસાગરે કરીને જૂદા પડ્યોછે. આસ્ટ્રેલિઆ એશિયાની દક્ષિણ પૂર્વે છે.

૫૦—યૂરોપ, એશિયા, ઉત્તર અમેરિકા, અર્ધ ભાગ કરતાં વધારે ભાગ આફ્રિકા, અને થોડો ભાગ દક્ષિણ અમેરિકા, એઓ વિષુવવૃત્તની ઉત્તરે છે; બાકી રહેલો આફ્રિકા મોટો ભાગ દક્ષિણ અમેરિકા, અને આસ્ટ્રેલિઆ એઓ વિષુવવૃત્તની દક્ષિણે છે.

૫૧—પૃથ્વીની સપાટી ઉપરનું પાણી પાંચ મહાસગરોમાં વહેંચાયલુંછે. ૧—ઉત્તર મહાસાગર અથવા ઉત્તર હિમ સાગર, ૨—દક્ષિણ મહાસાગર યા દક્ષિણ હિમ સાગર. ૩—પાસિફિક મહાસાગર. ૪—આટલાંન્ટિક મહાસાગર, અને ૫—હીંદી મહાસાગર.

૫૨—ઉત્તર અને દક્ષિણ હિમ સાગરો કહેવાનું [illegible]ણુ એ કે ત્યાં સદા બરફ પડ્યો રહેછે. પાસિફિક માહાસાગર કહેવાનું [illegible] એ કે સ્પાન્યાર્ડ લોકોએ દક્ષિણ અમેરિકાનો બેવડો ઘેરાવો લેતાં ઘણું તોફાન ખાધા પછે તેઓ આ મહાસાગરમાં આવી લાગ્યા જ્યાં તેઓને શાંતિ મળી અને ધીરજ આવી. તે ઉપરથી તેઓએ તેને પાસિફિક નામ આપ્યું. [“પાસિફિક” એ ઈંગ્રેજી ભાષાનો શબ્દછે, ને તેનો અર્થ “શાંત” એવો થાયછે.] આટલાંન્ટિક મહાસાગરનું નાંમ આફ્રિકાખંડ મધેના આટલાસ પર્વત ઉપરથી પડ્યું છે. હિંદી મહાસાગર હિંદુસ્તાનની દક્ષિણે તે આવ્યાથી પડ્યુંછે.

૫૩—ખરેખરૂં જોતાં અને બોલતાં તો આખી દુનિયા પર એકજ મહાસાગર છે, પણ આપણને દરેક અને હરેક ભાગ સહેલથી જાણવા સમજવાને બની આવે માટે ઉપર પ્રમાણે જૂદા જૂદા ભાગો પાડીને જૂદાં જૂદાં નામો આપ્યાંછે.

૫૪—ઉત્તર તેમજ દક્ષિણ ધ્રુવની આસપાસના જે સાગર તે ઉત્તર અને દક્ષિણ હિમસાગરો. જેની એક બાજુએ યુરોપ અને આફ્રિકા, અને બીજી બાજુએ ઉત્તર તથા દક્ષિણ અમેરિકા તે આટલાંટિક મહાસા-

ગર. અમેરિકા અને એશિયા એઓની વચે પાસિફિક મહાસાગર, અને હિંદુસ્તાનની દક્ષિણે તથા આસ્ટ્રેલિઆ અને આફ્રિકાની વચે હિંદી મહાસાગર.

૫૫—બધા મહાસાગરોમાં પાસિફિક મહાસાગર સર્વેથી મોટો છે. એ મહાસાગરથી પૃથ્વીનો નજદિક અર્ધો અર્ધ ભાગ રોકાયોછે.

૫૬—પૃથ્વીનું આખું પૃષ્ટ ૧૯ કરોડ ને ૭૦ લાખ ચોરસ મૈલનું છે. તેમાં ૫ કરોડ ને ૧૦ લાખ ચોરસ મૈલ જમીન છે; બાકીનાં ૧૪ કરોડ ને ૬૦ લાખ ચોરસ મૈલ જળથી ઢંકાયલા છે.

૫૭—પૃથ્વી ઉ એકંદર વસ્તી ૧ અબજ ને ૩૦ કરોડ માણસની ગણાયછે. જે મધ ૬૦ કરોડ બૌદ્ધધર્મવાળા, ૩૩ કરોડ ને ૫૦ લાખ ખ્રિસ્તિ (જેમાંના ૧૭ કરોડ રોમન ક્યાથોલિક, ૯ કરોડ પ્રાટેસતંટ અને ૭ કરોડ ને ૫૦ લાખ ગ્રિક ચર્ચ પંથના છે), ૧૬ કરોડ મુસલમાન, ૨૦ કરોડ બીજા પરચુરણ અને તરેહવાર મૂર્ત્તિ પૂજકો, અને ૫૦ લાખ યહૂદી યાને મૂસા પેગંબરને માનનારા છે.

એશિયા.

એશિયા ખંડની સીમા અથવા મર્યાદા.

ઉત્તરે—ઉત્તર મહાસાગર અથવા ઊત્તર હિમ સાગર.

પશ્ચિમે—યૂરેલિયન નદી, યૂરલ પર્વત, કાસ્પિયન સમુદ્ર, કાકેસસ પર્વત, કાળો, માર્મોરાનો, તુર્કી, અને ભૂમધ્ય એ સમુદ્રો; સ્વેજની નેહેર અને લાલ સમુદ્ર.

દક્ષિણે—હિંદી મહાસાગર.

પૂર્વે—પાસિફિક મહાસાગર.

એશિયા ખંડની ઉત્તર પશ્ચિમે યૂરોપખંડ છે. એશિઆ અને આફ્રિકા એ બેઉની વચ્ચે સ્વેજની નેહેર છે. એશિયા અને અમેરિકા એઓની વચ્ચે બહેરીંગની સામુદ્રધુની છે. બાબલમાનદેબની સામુદ્રધુની આગળથી એશિયા અને આફ્રિકા વચ્ચે માત્ર ૨૦ મૈલનો, અને બહેરિંગની સામુદ્રધુની આગળથી એશિયા તથા અમેરિકા ખંડો વચ્ચે ૩૬ મૈલનો અંતર છે.

એશિયા ખંડની લંબાઈ પૂર્વથી તે પશ્ચિમ સૂધી ૬૦૦૦) મૈલ; પહોલાઇ મલાકાની દક્ષિણથી તે સૈબીરિઆની ઉત્તરે કેપ સેવરો સૂધી ૫૩૦૦) મૈલ અને એને લગતા ટાપુઓ સૂધાં એનો વિસ્તાર ૧ કરોડ ને ૭૫ લાખ ચોરસ મૈલ છે. યૂરોપ કરતાં એ ચારગણો મોટો છે. આખી પૃથ્વીનો અગીઆરમો ભાગ, અને જમીનમાં ૧/૩ (એક ત્રત્યાંસ) ભાગ છે. એ મધે ૭૨ કરોડ માણસની વસ્તી છે; તેમાં મોટો ભાગ બૌદ્ધ ધર્મ પાળનારા લોકોનો છે.

એશિયા ખંડ પૃથ્વીના ગોળામાં થોડી અગત્ય તથા મોટાઈ ધરાવનારો ભાગ નથી. દુનિયાના એજ ભાગમાં આદમ જાતની વસ્તી પેહેલ વેહલી થઈ, એજ ભાગમાં જૂદા જૂદા ધર્મોના પેગંબરોનો જન્મ થયો, ને તેઓના કાયદા ધારા તથા ફરમાનો પણ પહેલ વહેલાં અહિયાંજ પ્રગટ થયાં. અસલના વારામાં દુનિયામાં જે મોટાં રાજ્યો થઇ ગયાં તેપણ એજ ભાગમાં થયાં હતાં. દુનિયાના એજ ભાગમાંથી એલમ હુન્નર કળાકૌશલ્ય તથા વેપાર વણજ પંથરાવા ને ફેલાવા માંડ્યાં હતાં. અને એજ ભાગમાંથી સલામતી ભરેલું હોકાયંત્ર તથા નાશકારક દારૂગોળો ઉત્પત્તિ પામેલાં કહેવાય છે.

એશિયા મધેના દેશો.

ઉત્તરે. **રાજધાની શેહેરો.**

રૂશિઆ ...... તોબોલ્સ્ક, ઇર્ટિસ નદીને કાંઠે.

પશ્ચિમે.

તુર્કસ્તાન...... સ્મિર્ના, આર્કિપેલેગો ઉપર.

અરબસ્તાન.... મક્કા.

મધ્ય ભાગે.

ઈરાન........ તેહેરાન.

અફગાનીસ્તાન.. કાબુલ, કાબુલ નદી ઉપર.

તાતાર........ બુખારા, આમૂ અથવા આકસસ નદીની પાસે.

ટિબેટ........ લાસા, સાંપુ નદીને કાંઠે.

પૂર્વે.

ચીન .... પેકિન, પિહો નદી ઉપર.

(સમુદ્રમાં)

જેપાન ...... જેડો, નિફોન બેટમાં.

દક્ષિણે.

શિઆમ...... બાંકોક, મિનાય નદીને કાંઠે.

બ્રહ્મદેશ...... અમરપુર, ઈરાવતી નદીને કાંઠે.

હિંદુસ્તાન .... કલકત્તા, હુગલી નદીને કાંઠે.

મુખ્ય બેટો.

ભૂમધ્ય સમુદ્રમાં—સૈપ્રસ, ને રોડસ.

હિંદી મહાસાગરમાં—સિહલદ્વીપ અથવા સિલોન, એ હિંદુસ્તાનની દક્ષિણે આવેલોછે ને અંગ્રેજ સરકારે સન ૧૭૯૬ માં એ લઇ લીધો.

લાકેદિવ અને માલદિવ—એ બેઉ હિંદુસ્તાનના પશ્ચિમ કોસ્તાપર.
આન્દમાન અને નિકોબાર—એ બેઉ બંગાલાના ઉપસાગરમાં.
પિનાંગ--મલાયાની પશ્ચિમે.
સિગાપૂર—મલાયાની દક્ષિણે.

પાસિફિક મહાસાગરમાં—સુમાત્રા—એ મલાયાની દક્ષિણ પશ્ચિમે.
જાવા— સુમાત્રાની દક્ષિણપૂર્વે. એ બેઉ બેટ ડચ લોકોને તાબે છે.
બોર્નિઓ—જાવાની ઉત્તરે.
સિલિબિસ—બોર્નિઓની પૂર્વે.
મોલકાસ અથવા મસાલાનો બેટ—એ સિલિબિસની પૂર્વે.
ન્યૂગીનિ—એ મોલાકાસની પૂર્વે.
આસ્ટ્રેલિઆ—એ એશિયા ખંડની દક્ષિણ પૂર્વે. એ દુનિયાંમાં સર્વેથી મોટો બેટ છે. ડચ લોકે પ્રથમ ૧૬૧૬ ના સાળમાં શોધી કાહડ્યો, ને ન્યૂહાલંડ કરી નામ આપ્યું. એને લગતી વધારે ચોકસ ખબર સન ૧૭૭૦ માં કેપટન કુકે આપી, તણે એના પૂર્વે કોસ્તાનું નામ ન્યૂ સૌથ વેલ્સ પાડ્યું. સન ૧૭૮૭ માં ઈંગ્લાંડ દેશના દેશનિકાલ થયલા બંધવાઓને અત્રે મોકલી વસાવ્યો.
ફિલિપાન—બોર્નિઓની ઉત્તરપૂર્વે; એ સ્પેનવાળાને તાબે છે.

ચીનઈ સમુદ્રમાં—મકાવ અને હેનાન—એ બેઉ ચીનની દક્ષિણે. એ પોર્ટુગિજ સરકારને તાબે છે.
ફાર્મોશા અને લૂચ્યૂ—બેઉ ચીનના પૂર્વ કોસ્તાપર.

જેપાની સમુદ્રમાં—નિફોન, જેસ્સો, ને કીસ્યૂ—એ ત્રણ ચીનાઈ તારતરીની પૂર્વે.
સાગેલિઅન—એ તારતરી અખાત અને એકોત્સ્કના સમુદ્રની વચ્ચે.
ક્યૂરીલ—સાગેલિઅનની પૂર્વે.

મુખ્ય દ્વીપકલ્પો.

કામસ્ચાટકાનો—એ સૈબીરિઆનો ઉત્તરપૂર્વ ભાગ.
કોરિઆનો—ચીનાઈ તારતરીનો દક્ષિણપૂર્વ ભાગ.
મલાયાનો—એ મલાયાનો દક્ષિણ ભાગ.
પૂર્વનો—બ્રહ્મા, સિઆમ, ને મલાયા મળીને દક્ષિણ ભાગ.
હિંદુસ્તાનનો—હિંદુસ્તાનનો દક્ષિણ ભાગ.
અરબસ્તાનનો—અરબસ્તાનનો પૂર્વ, દક્ષિણ ને પશ્ચિમ ભાગ.
એશિયા માઇનરનો—એ તુર્કસ્તાનનો ઉત્તર પશ્ચિમ ભાગ.

મુખ્ય સંયોગિ ભૂમિઓ.

સ્વેજની—એશિયા ને આફ્રિકા એ બે ખંડોની વચ્ચે છે.
[હવે એને કાપી કહાડીને નેહેર બનાવીછે].
ક્રોની—એ શિઆમ તથા મલાયાની વચ્ચે છે.

મુખ્ય ભૂશિર અથવા કેપો.

કેપ સેવરો—એ સૈબીરિઆનું ઉત્તર બિંદુ.
પૂર્વ કેપ—રૂશિઆનું છેક પૂર્વ બિંદુ.
કેપ લોપાટકા—કામસ્ચાટકાનું દક્ષિણ બિંદુ.
કેપ નિમપો—એ ચીનનું પૂર્વ બિંદુ.
કેપ બાજડોર—એ લૂઝોન બેટનું ઉત્તર બિંદુ.
કેપ કામબાજા અથવા કામબોડિઆ—સિઆમનું દક્ષિણ બિંદુ.
કેપ રોમાનિઆ—મલાયાનું દક્ષિણ બિંદુ.
કેપ નિગ્રાહસ—એ બ્રહ્મદેશનું દક્ષિણ બિંદુ.

કેપ કામોરિન અથવા કન્યાકુમારી—હિંદુસ્તાનનું દક્ષિણ બિંદુ.
કેપ રાસલહદ—અરબસ્તાનનું પુર્વ બિંદુ.
કેપ બાબા—તુર્કસ્તાનનું પશ્ચિમ બિંદુ.

મુખ્ય પર્વતો.

હિમાલય—હિંદુસ્તાનની ઉત્તરે. એ દુનિયામાં સર્વેથી મોટો ને ઉંચો પર્વત છે. એની સર્વેથી ઉંચી ટોંચ જેને એવરેસ્ત કરીને કહેછે તે ૨૯ હજાર ફીટ ઉંચી છે; યાને નઝદિક ૫ાા મૈલ ઉંચી ગઇછે. તેથી ઉતરતી જે કાચન ગંગા તે ૨૮ હજાર ફીટ ઉંચી છે; અને એથી ઉતરતી જે ધવળાગિરી તે નઝદિક ૨૭ હજાર ફીટ ઉંચી છે. બીજી ચાલીશ ટોંચો ૨૦ હજાર ફીટ ઉંચાણ ગ . પર્વતની લંબાઈ ૧૫૦૦) મૈલ, અને સરાસરી પોહોલાઈ ૧૫૦) મૈલ છે.

હિંદુકુશ—અફગાનિસ્તાનમાં, એ ૭૦૦) કોસ લાંબો છે.
એની ઉંચામાં ઉંચી ટોંચ જે કાબુલ તથા પંજાબની ઉત્તરે આવીછે તે ૨૧ હજાર ફીટ ઉંચી છે.

બિલૂરતાગ અથવા **તારટસ**—એ ચીનાઈ તારતરી અને બુદક્ષાનની વચ્ચે છે. એની ઉંચાઇ ૧૮ હજાર ફીટની છે.

આલ્તાઇ—સૈબીરિઆની દક્ષિણે, અથવા રૂશિઆ અને તાતાર એ બે દેશોની વચ્ચે છે.

યૂરલ—યૂરોપના અને એશિયાના રૂશિઆઓની વચ્ચે છે.

કાકેસસ—કાળા તથા કાસ્પિઅન સમુદ્રોની વચ્ચે છે. એની સર્વેથી ઉંચી ટોંચને અલબ્રુજ કરીને કહેછે ને તે ૧૮ હજાર પાંચશે ફીટ ઉંચી છે.

તૌરસ અથવા **લેબનાન**—એ બેઉ તુર્કસ્તાનમાં છે.

આરારાત—એ આર્મિનિઆ પ્રાંતમાં છે. એની ઉંચી ટોંચને અગ્રિડાગ કરીને કહેછે અને તે ૧૭ હજાર ફીટ ઉંચી છે.

અલબુર્જ—એ ઇરાનમાં કાસ્પિઅન સમુદ્રની દક્ષિણે છે. એની ઊંચાઈ નઝદિક ૧૫ હજાર ફીટની છે. એજ પર્વતપર હેમાવંદ નામનો જવાળા મુખી પહાડ છે.

કૈલાસ પર્વત—એ ટીબેટની ઉત્તરે છે.

જવાળા મુખી પહાડો.

એવાટસ—એ કામસ્ચાટકાના બેટમાં છે. એની ઊંચાઈ ૯૬૦૦) ફીટ છે.

માવનાલોઆ—એ સાંડવિચના ટાપુમાં છે. એની ઊંચાઇ નઝદિક ૧૪ હજાર ફીટની છે.

એ વગેરે ક્યૂરીલના તથા જેપાનનાં બેટોમાં ઘણા છે.

સમુદ્રો.

રાતો—એ અરબસ્તાન તથા આફ્રિકાની વચ્ચે છે.

અરબી—એ અરબસ્તાન તથા હિંદુસ્તાનની વચ્ચે છે.

ચીનાઇ—એ ચીનની દક્ષિણ બાજુએ છે.

પીલો—એ ચીન તથા કોરિઆની વચ્ચે છે.

જેપાની—એ ચીનાઈ તારતરી તથા જેપાંની બેટોની વચ્ચે છે.

ઓકોટસ્કનો—એ સૈબીરિઆ અને કામસ્ચાટકાની વચ્ચે છે.

કામસ્ચાટકાનો—કામસ્ચાટકા અને અમેરિકાની વચ્ચે છે.

બંગાળાનો ઉપસાગર—એ હિંદુસ્તાન ને બ્રહ્મદેશની વચ્ચે છે.

અખાતો.

ઓબીનું—એ સૈબીરિઆની ઉત્તર પશ્ચિમે.

અનાદિરનું—પાસિફિક મહાસાગરમાં.

તાન્કિનનું—સિઆમની પૂર્વે.

સિઆમનું—સિઆમની દક્ષિણે.
માર્તબાનનું—બ્રહ્મદેશની દક્ષિણે.
મનારનું—હિંદુસ્તાન તથા સિલોનની વચ્ચે.
ખંભાતનું— અથવા **કેઆમબેનું**—હિંદુસ્તાનની પશ્ચિમ અને ગુજરાતની દક્ષિણે છે.
કચ્છનું—અથવા **સનદાહનું**-હિંદુસ્તાનની પશ્ચિમ અને ગુજરાતની ઉત્તરે.
ઈરાંનનું—અરબસ્તાન તથા ઈરાંનની વચ્ચે છે.

સામુદ્રધુનીઓ.

વૈગાસ્તની—નોવા ઝેમબ્લા તથા સૈબીરિઆની વચ્ચે.
બેહરિંગની—એશિયા તથા અમેરિકાની વચ્ચે.
તાતારની—તાતારદેશ તથા સાગેલિઅન બેટની.
કોરિઆની—કોરિઆ તથા જેપાની બેટોની વચ્ચે.
મકાસ્સારની—બોર્નિઓ અને સિલિબિસના બેટોની વચ્ચે.
તારેસની—ન્યૂગિની તથા આસ્ટ્રેલિઆની વચ્ચે.
બાસની—આસ્ટ્રેલિઆ તથા વાનડિમેન્સ લાંડની વચ્ચે.
સંદાની—સુમાત્રા તથા જાવાની વચ્ચે.
મલાક્કાની—સુમાત્રા તથા મલાયાની વચ્ચે.
પાકની—હિંદુસ્તાન તથા સિલોનની વચ્ચે.
હુર્મઝની—ઈરાંની અખાત અને હિંદી મહાસાગરની વચ્ચે.
બાબલમાનડેબની—લાલ સમુદ્ર તથા હિંદી મહાસાગરની વચ્ચે.

સરોવરો.

કાસપીઅન—રૂશિઆ, તાતાર, ઈરાંન, અને તુર્કસ્તાન એઓની વચ્ચે.
આરલ—સ્વતંત્ર તાતારમાં છે. એનાં તથા કાસપીઅન સરોવર એ બેઉનાં પાણી ખારાં હોવાથી કોઇવાર તેઓને સમુદ્ર કરીને પણ કહેછે.

બૈકલ—સૈબીરિઆની દક્ષિણે. એ દુનિયાં વચ્ચે સ્વચ્છ અને મીઠાંનો મોટામાં મોટો સરોવર છે.

વ્હાન—તુર્કસ્થાનના કુર્દિસ્તાન પ્રાંતમાં વ્હાન શેહેરની પાસે છે.

મૃત—તુર્કસ્તાનના પાલિસ્તાઈનિવાલા ભાગમાં. એમાં માછલાં બચી શકતાં નથી, તેમજ એ સરોવરની આસપાસની જગામાં ઝાડપાન પણ થતાં નથી. એ સરોવરનાં પાણીમાં પાણીના વજણનો પા ભાગ નીમક હોયછે.

ટેંગ્રિનોર
માનસરોવર
રાવણહૃદ
પાલટી
} એ ચારો ટિબેટમાં છે.

ઉરૂમિઆ—ઈરાનની પશ્ચિમે છે.

મુખ્ય નદીઓ.

લીના
ઓબી
એનિસી
ઈર્તિસ
} એ ચારે આલ્તાઈ પર્વતમાંથી નિકળીને ઉત્તર મહાસાગરમાં ખાલી થાયછે.

યૂરલ—સૈબીરીઆમાં પશ્ચિમ દક્ષિણે થઈને કાસ્પિઅન સમુદ્રને મળેછે.

આમૂ અથવા આકસસ—
સિહૂન અથવા જેકઝારત્સ—
} એ બેઉ સ્વતંત્ર તાતારમાં થઈને આરલ સમુદ્રમાં ખાલી થાયછે.

આમૂર અથવા સાગેલિઅન—ચીનાઈ તાતારમાં થઈને પૂર્વે ઓકોતસ્કના સમુદ્રને મળેછે.

હોઆંગહો તથા **યાંગસિકયાંગ**—બેઉ ચીનમાં થઈને પૂર્વે પીલા સમુદ્રને મળેછે.

બ્રહ્મપુત્ર અથવા સામપૂ— } બેઉ હિંદુસ્તાનમાં ટિબેટ પર્વતમાંથી નિક-
ગંગા અથવા ભાગીરથી— } ળીને બંગાલાના ઉપસાગરને મળેછે.

સિંધુ અથવા અટક—હિંદુસ્તાનમાં ટિબેટ પર્વતમાંથી નિકળીને ઉત્તર પશ્ચિમે અરબી સમુદ્રમાં ખાલી થાયછે.

ઈરાવતી—બ્રહ્મદેશમાં ટિબેટ પર્વતમાંથી નિકળીને બંગાલાના ઉપસાગરને મળેછે.

મએકયાંગ અથવા કાંમબોડિઆ—એ બ્રહ્મદેશમાં કોચીન ચાઈનામાં થઈને ચીનાઈ સમુદ્રને મળેછે.

ફ્રાત અથવા યુફ્રેતીસ— } બેહુ તુર્કસ્તાનમાં તૌરુસ પર્વતમાંથી નિક-
તૈગ્રિસ— } ળીને તથા બેહુને [illegible] થઈને ઈરાંની અખાતમાં ખાલી થાયછે.

મુખ્ય નદીઓની લંબાઈ.

યાંગસિકયાંગ	— ૩ હજાર મૈલ.	યુફ્રેતિસ	—૧૭ સો મૈલ.
એનિસી	—૨૯ સો મૈલ.	સિંધુ	—૧૭ સો મૈલ.
હોઆંગહો	—૨૬ સો મૈલ.	મએકયાંગ	—૧૭ સો મૈલ.
ઓબી	—૨૫ સો મૈલ.	ગંગા	—૧૫ સો મૈલ.
ઈર્તિસ	—૨૫ સો મૈલ.	બ્રહ્મપુત્ર	—૧૫ સો મૈલ.
લીના	—૨૪ સો મૈલ.	આમુ	—૧૩ સો મૈલ.
આમુ	—૨૩ સો મૈલ.	સિહુન	—૧૨ સો મૈલ.
		ઈરાવતી	—૧૨ સો મૈલ.

રૂશિઆ.

એના બે ભાગ કર્યા છે. એક પશ્ચિમ સૈબીરિઆ, ને બીજો પૂર્વ સૈબીરિઆ.

મુખ્ય શેહેરો.

ટોબોલ્સ્ક—ઇર્તિસ નદીપર, એ રાજધાની શેહેર છે. એમાં શિઆળો એટલો તો સખ્ત પડેછે કે પરો પણ બંધાઈ જાયછે.
ઇર્કુત્સ્ક—એ પૂર્વ સૈબીરિઆની રાજધાની. બૈકલ સરોવરની નઝદિક.
યાકૂત્સ્ક—લીના નદીપર. એમાં ટહાડ ઘણી પડેછે.
તોમ્સ્ક—એ ઓબી નદીપર.

સાધારણ વિચાર.

જ્યોર્જીઆના ભાગવિના રૂશિઆની લંબાઈ પૂર્વેથી તે પશ્ચિમ સુધી ૪ હજાર મૈલ તથા ઉત્તરથી તે દક્ષિણ સુધી પહોલાઈ ૧૯ સો મૈલ અને વિસ્તાર ૫૫ લાખ ચોરસ મૈલ છે. વસ્તી ૮૦ લાખ માણસની ગણાયછે.

રૂશિઆનો મુલક સાધારણ રીતે બોલતાં સર્દીવાલો ને વગર પાકનો ઉજડ મેદાન છે. અત્રે હુંડીનો કસ્સો સૂમાર નથી. અહિયાંના લોક દેખાવડાં, બાંધાનાં મજબુત પણ જંગલી ને અજ્ઞાની હાલતમાં છે. અત્રે જો કંઇબી વેપાર ચાલતો હોય તો તે સોના રૂપાં વગેરે ધાતુઓનો, તથા જાનવરોના વાલનો છે. યૂરોપના રૂશિઆમાંથી રાજદુવારી તથા ફોજદારી બંધવાઓને અહિયાં દેશનિકાલ કરી તેઓથી સંસ્થાનો વસાવેછે. વળી ધાતુની ખાણો ઉપર કામે પણ તેઓનેજ લગાડીઆમાં આવેછે. લોકોનો મોટો ભાગ ગ્રીકચર્ચ પંથનો છે; તોબી કેટલાક મુસલમાનો તથા કોઈ કોઈ મુર્ત્તિપૂજકો પણ અત્રે વસેછે. એ મુલકપર યૂરોપના રૂશિઆના સાહનશાહ (ઝાર) ની હકૂમત ચાલેછે.

તુર્કસ્થાન.

એના ૬ પ્રાંત કર્યાછે તેનાં નામો.

૧—એશિયા મૈનર.
૨—સિરિઆ.

૩—અલજઝીરા (અથવા મિસોપોતેમિયા).
૪—ઈરાકઅરબી (અથવા ખાલ્ડીઆ).
૫—આર્મિનિઆ.
૬—કુર્દિસ્તાન (અથવા આસિરિઆ).

મુખ્ય શેહેરો.

સ્મિર્ના—એ એશિયા મૈનર પ્રાંતમાં છે. એ યુરોપિયન વેપારનું મુખ્ય ને મોટું મઠક છે. અહિંથી સુકા મેવાની ઘણીજ મોટી નિકાસ થાયછે. એ શેહેર પ્રખ્યાત હોમર નામના યુનાની સાહેરની જન્મભૂમિનો દાવો કરેછે. વારંવાર ધરતીકંપ અત્રે થયા કરે [illegible]ણ જમીન રસાળ અને બંદર સારૂં છે. વસ્તી સૂમારે ૧ થી ૨ [illegible]નાં વચ્ચે છે.

આલેપો (અથવા હુલબ) એ સિરિઆ પ્રાંતમાં રાજધાની શેહેર છે. એ શેહેરને ૩॥ મૈલ ફરતો, ૩૦ ફીટ ઊંચો, ને ૨૦ ફીટ પહોળો એવો એક કોટ છે. શેહેરમાં પાણી પુરૂં પાડવાને ઘણા પ્રાચીન કાળનો બાંધેલો પાણીનો નળ છે. અને જોકે ઘણીકવાર એ શેહેર મધે ધરતીકંપ થયા તોપણ તે હજુર સારી હાલતમાં સલામત રહ્યોછે. અત્રે રેશમ તથા રૂનો સારો વેપાર ચાલેછે. એ શેહેર સન ૧૮૨૨ માં ધરતીકંપે કરીને નઝદિક બધું નાશ પામ્યું હતું. તેમાં ૨૦ હજાર માણુસ મરણ પામ્યાં, અને તેટલાંજ વધતાં ઓછાં ઘાયલ થયાં હતાં. અહિંની હવા સારી છે. અત્રે એક જાતનો ફોલ્લો થાયછે તે લાંબો વખત સુધી રહીને તેના ઘા પડેછે પછે તે ફોલ્લો સારો થયા છતાં ઘા હમેસનો રહી જાયછે.

દમસ્ક (અથવા અલશામ)—એ પણ સિરિઆ પ્રાંતમાં છે. દુનિયામાં જુનામાં જુના શેહેરો મધેનું એ એક પુરાણું શેહેર છે. અત્રેની સર્વેથી

સરસ ઈમારતો મધ્યે એક મશીદ છે, જેની લંબાઈ ૬૫૦ ફીટ, તથા પહોલાઈ ૧૫૦ ફીટની છે. તે ઉપર જેમ મુસલમાનો તેમજ ખ્રિસ્તીઓ પણ દાવો કરેછે. ખ્રિસ્તી ધર્મની બાપ્તિસમ નામની ક્રિયા કરનાર યોહાન તેની એમાં કબર છે અને તેમાં હજુર તેનું ડાકું છે એમ માની ખ્રિસ્તીઓ તેને પવિત્ર ગણેછે; અને મુસલમાનો મક્કાની કાબામાં જવાનો દરવાજો અહિંથીજ સરૂ થતો સમજીને તેને માનેછે. સન ૧૮૬૦ માં ખ્રિસ્તી લોકોની અત્રે ભારી કતલ થઈ હતી. અત્રે રેશમી અને સૂતરાઉ કાપડ, ચાંમડાં, અને સાબુ વગેરે વખાણવા જોગ બનેછે.

જેરૂસલમ—એ સિરિયા પ્રાંતમાં પાલિસ્ટાઇનવાલા ભાગમાં છે. અહિયાં ઈશુખ્રિસ્તને યાહુદીઓએ સુલીએ ચઢાવી તેનો જાન લીધો હતો. એ શહેરને ખ્રિસ્તીઓ ઘણુંજ પવિત્ર ગણેછે. એમાં દાઉદના દીકરા સુલેમાન પાદશાહે એક ઘણું મોટું અને પ્રસિદ્ધ દેવળ બંધાવ્યું હતું. ઈ૦ સ૦ ૭૦ મે વર્ષે રોમન પાદશાહ તૈતસે એ શહેરની ખરાબી કીધી. ત્યારબાદ રફતે રફતે કંઈક પાછું બંધાયું ને વસ્યું; પણ એકવાર યાહુદીઓએ પોતાના હાથમાંથી જે ખોયું તે ફરીને તેઓ મેળવી શક્યા નહીં. રોમન, ઈરાંની, અરબ, ખ્રિસ્તી, અને તુર્કી એઓ અનુક્રમે વારાફરતી તેના ધણી થઈ પડ્યા હતા. સર્વેથી સરસ ઇમારતમાં અરબ લોકે બંધાવેલી ઓમારની મશીદ છે; અને એથી ઉતરતી ઈમારતમાં થડગા નામનું દેવળ છે. એ દેવળ રોમન પાદશાહ કૉનસ્તનતૈન ધિ ગ્રેટ જે સર્વ પાદશાહોમાં પેહેલો ખ્રિસ્તી થયો હતો તેની માતા હેલીનાએ બંધાવ્યું હતું. હર સાલ ઘણા દૂરથી હજારો ખ્રિસ્તીઓ એ શેહેરમાં જાત્રા કરવાને આવેછે.

બગદાદ—એ ઈરાક અરબી પ્રાંતમાં તૈગ્રિસ નદીને કાંઠે છે. એ શેહેર ઈ૦ સ૦ ૭૬૩ માં અલમનસૂર નામે મુસલમાન ધર્મનો જે વડો ખ-

લીફ તેણે બંધાવ્યું હતું, ત્યાર પછે તેના પૌત્ર જગત પ્રસિદ્ધ ખલીફ હારૂનઅલરશીદે એ શેહેર વધારીને ઘણુંજ શોભાયમાન કીધું હતું. તે વેળા એ શેહેર વિદ્યા, એલમ તથા કળાકૌશલ્યનું મઠક ગણાતું હતું; અને આબાદી ઘણાં વર્ષો ચાલી હતી. પણ સન ૧૨૫૯ માં જંઘિસખાનનાં પૌત્ર હોલાખૂખાંને એ શેહેરપર લૂટ ચલાવી, તથા તે વખત પરના ખલીફાને તેના તમામ કુટુંબ કબીલાસુધાં ઘાતકીપણે જીવથી મરાવ્યો તથા ૮ લાખ રહેવાસીઓની પણ કતલ કરાવી, ત્યારથી એ શેહેર પડતી દશામાં આવ્યું. એ સન ૧૬૩૮ થી તુર્કોઓ હસ્તક રહ્યુંછે. વંજાર તથા પોઠીઓની મારફતે અત્રે સારો વેપાર ચાલેછે. માણસોની વસ્તી ૭૦ હજારની ગણાયછે.

બસરા—એ ઈરાક અરબી પ્રાંતમાં યુફ્રેતિસ અને તૈગ્રિસ નદીઓના સંગમ ઉપર છે. ઈરાંની અખાતમાં એ એક મોટું ને સારૂં વેપાર સાથનું બંદર છે.

બાબીલન—ઈરાક અરબી પ્રાંતમાં યુફ્રેતિસ નદીની પશ્ચિમે આગળા જમાનામાં એક મહાબલ રાજની રાજધાની શેહેર હતું. એક પ્રાચીન ઈતિહાસ કરતા એવું જણાવેછે કે જ્યારે એ શેહેર પોતાની મોટાઈમાં હતું ત્યારે ૬૦ મૈલનો એનો ઘેરાવો હતો. ગ્રિસ દેશનો નામાંકિત પાદશાહ સિકંદર જેને અલેકઝાંડર ધી ગ્રેટ કરીને પણ કહેછે તે ઈ∘ સ∘ પે∘ ૩૨૩ ના સાલમાં અહિંયાં મરણ પામ્યો હતો. એ શેહેરને હવડાં હિલાહ કરીને કહેછે.

મોસેલ—એ અલજઝીરા પ્રાંતમાં તૈગ્રિસ નદીપર છે. એ શેહેર મધેથી ઘણીક આગળા વખતની બાકી રહેલી ચીજો મી∘ લેઅર્ડ નામના અંગ્રેજ મુસાફરે ઘણીક શોધો કરીને થોડુંકની વાતપર મેળવી છે. અને તે હાલમાં ઈંગ્લાંડ મધેના બ્રિટિશ સંગ્રહસ્થાનમાં મેળવામાં

આવીછે. એ મધેની કેટલીકનું પુરાતનપણુ ઈ૦ સ૦ પે૦ ૧૫ સદી આગમચનું ધારવામાં આવેછે. અને ઘણા નઝદિકના વખતનીખી લેતાં ઈ૦ સ૦ પે૦ ૬૦૦ વર્ષ પછેની તો નહીજ હોય એવું માનવામાં આવેછે. ડાઈઆડોરસ નામનો ઈતિહાસ કરતા કહેછે કે આગળા વખતમાં નિનિવી (કારણ કે એજ શેહેર તે આગળું નિનિવી હતું એમ કેટલાક ધારેછે) એટલું તો મોટું શેહેર હતું કે ફકત તેનો એક ઘેરાવો પૂરો કરતાં ત્રણ દિવસ લાગતા હતા, ને ત્યાં ૬ લાખ માણસની વસ્તી હતી, એ શેહેરમાં ગરમ પાણીના ઝરા છે. સન ૧૮૨૫ માં અહિયાં દુકાળ પડયો તે ત્રણ વર્ષ સુધી જારી રહ્યો હતો ને ત્યારબાદ નવ મ[illegible] મર્કી ચાલી હતી જેમાં ૧૮ હજાર માણસો મરણ પામ્યાં હતાં.

અર્ઝરૂમ—એ અર્મોનિઆ પ્રાંતમાં યુફ્રેતિસ નદીના કીનારા પર છે. એને કાલા સમુદ્ર અને ઈરાંન સાથે સારો વેપાર ચાલેછે. સમુદ્રની સપાટીથી એ ૭ હજાર ફીટની ઊંચાઈએ આવેલું છે તેથી અત્રે ટહાડ ઘણી પડેછે. અહિયાં ઢોર તથા ઘેટાં વગેરેની સારી નીપજ થાયછે.

ત્રેબીઝાંન—એ એશિઆ મૈનર પ્રાંતમાં કાલા સમુદ્રપર બંદર છે. કોટ અને બહારકોટ એવા એના બે ભાગ છે. કોટમાં માત્ર મુસલમાનોનેજ રેહેવાની છૂટ છે. બીજાં લોકોને બહારકોટ રેહેવું પડેછે. આગળા વખતનું એ એક શેહેર છે. આગળ વેપાર પણ બહોળો હતો તે પડતી હાલતમાં આવીને પાછો સન ૧૮૩૦ થી કંઈક વધવા લાગ્યોછે.

સાધારણ વિચાર.

તુર્કસ્તાન લંબાઈમાં આર્કિપેલેગોથી તે આરારાતના પર્વતસુધી ૯૫૦ મૈલ, પહોલાઈમાં કાલા સમુદ્રથી તે સૈબીરિઆની છેક દક્ષિણ હદસૂધી

૭૬૦ મૈલ, અને વિસ્તારમાં ૬ લાખ ૭૦ હજાર ચોરસ મૈલ છે. વસ્તી શૂમારે ૧ કરોડ ને ૬૦ લાખની ગણાયછે.

તુર્કસ્તાન પ્રાચીન કાલમાં ઘણો નામાંકિત અને અગત્ય ધરાવનાર એક મુલક ગણાતો હતો. એ મુલક દેખાવે પહાડી અને જંગલોથી ભરપુર, આબોહવામાં આનંદકારી, તથા જમીન સારી નીપજવાળી અને ફલવંત છે; તોપણ લોકોની રહેવાની રીતભાત સારી ને સૂઘડ ન હોવાને લીધે વારેઘડી મર્કી ફેલાવો પામેછે. તેમજ વળી લોકો અજ્ઞાન, તથા હાકેમ તરફનો ગેર બંદોબસ્ત અને આપખુદ સત્તાને લીધે ખેતીવાડી ઘણી કંગાળ હાલતમાં રહીછે. મુખ્ય કરીને અહિયાંની ખાણો ઘણી રસાળ ને ફલવંત છે. અને અંગારા જાતનાં બકરાં સારી નીપજ છે. તેના બાલ ઘણા લાંબા, નરમ ને રેશમ જેવા હોવાથી તેની કેમલીટ અને સાલ ઘણી સારી બનેછે. બીજાં જાનવરોની પેદાસમાં સિંહ, તરસ, કોહલાં, હરણ, વગેરે હોયછે. ઘણો ખરો વેપાર ગાલીચા, રેશમી તથા સુતરાઉ માલ, જાનવરોના વાલ, રૂઈબાબ વગેરે વસાણા, ઘઉં, જવ, તમાકુ, અફીમ અને દ્રાક્ષ વગેરે બીજા તરેહવાર મેવાનો છે. લોકો મહમુદી ધર્મ પાળનારા છે. અત્રે હકુમતપર આવનારને વાઈસરાય અથવા પાશ્ચા કરીને કહેછે. લોકોના જીવવા અને મરવાની વાત માત્ર તેની મરજીપર આધાર રાખેછે. યૂરોપના તુર્કી સુલતાનને તે માત્ર નામનો તાબેદાર હોયછે.

અરબસ્તાન.

મુખ્ય શહેરો.

મક્કા—એ રાજધાણી મહમદ પેગાંબરનો ઈ૦ સ૦ ૫૬૯ માં અહિં જન્મ થયો હતો, માટે મુસલમાનોનું જાત્રા કરવાનું મુખ્ય ધર્મક્ષેત્ર ગણાયછે. મુખ્ય ઇમારતોમાં બૈતુલ્લા અથવા અલહરાંમ નામે મશીદ છે.

અહિંયાંજ ૧૮ કદમ લાંબી ૧૪ કદમ પહોલી ને સૂમારે ૪૦ ફીટ ઊંચી એવી એક કાબા નામની પવિત્ર ઇમારત છે. જેના માહેલા ભાગમાં ઇશાન ખૂને એક કાળો પથર છે તેનું ચૂંબન એ લોકો કરેછે. હર સાલ દેશદેશના હજારો મુસલમાનો જાત્રા કરવાને અહીં આવેછે. તે વેળા વેપાર પણ બહોળો ચાલેછે. પણ સત્તાવાલાઓ તરફનો ગેર બંદોબસ્ત, ખરાબ હવા, તથા મર્કીને કારણે જેટલું લોક ત્યાં જાત્રામાં ભેગું થાયછે તે બધું સહી સલામત પાછું પોતપોતાને ઠામે પહોંચવા પામતું નથી. અત્રે જાથુકની વસ્તી ૩૦ હજાર માણસની કહેવાયછે.

જદ્દા—એ અરબસ્તાનના હિજાજ પ્રાંતમાં રાતા સમુદ્રને કાંઠે બંદર છે. બહારના દેશો ...નના વેપારનું એ મુખ્ય મઠક છે.

મદીના—મહમદ મક્કેથી નાસીને અહિંયાં આવી પહોંચ્યો ત્યારથીજ એનો હીજરી સને ચાલુ થયોછે. તે આ ઠેકાણે ઇ૦ સ૦ ૬૩૨ માં ૬૩ વર્ષની ઉમરે મરણ પામ્યો. આ જગોએ મહમદની, અબુબકરની, ઓમારની અને મહમદની બેટી ફાતમાબી (જે અલ્લીની સ્ત્રી થાય તે) ની કબરો છે. એ શેહેરનેબી મુસલમાનો પોતાના ધર્મનું પવિત્ર મઠક ગણેછે. એ શેહેરને ૪૦ ફીટ ઊંચાઇનો ફરતો એક કોટ છે ને તેને ત્રણ મોટા દરવાજા છે.

મોખ્ખા—દક્ષિણ પશ્ચિમે રાતા સમુદ્રપર મોટું વેપારનું બંદર છે. નીકાસ માલમાં મુખ્ય કાફી છે. તે સિવાય ખારેક, ગુંદર, ગેંડાનાં શિંગડાં તથા ચામડાં અને હાથીદાંત વગેરે વેપારની જણસો છે. એ શેહેર બાબલમાનદેબની સામુદ્રધુનીથી ઉત્તરે ૪૦ મૈલને છેટે છે.

મસ્કત—એ અગ્નિ ખૂણાપર વેપારનું બંદર છે. અહીં અરબ, ઇરાની, કુર્દિ, અફગાનિ, બલૂચિ અને હિંદુ વગેરે લોકોની વસ્તી છે. એ

શેહેર દરીઆમાંથી દૂરથી જોયું હોય તો ભભકાદાર જણાય છે, પણ અંદર જઇને જોયું હોય તો ઘણે કંગાળ અને રસ્તા નાના અડચણવાળા ને તે સાથે ગંદા નજર પડેછે. જુલાઈ તથા આગસ્ટ માસમાં તાપ ઘણોજ સખ્ત મારેછે, જેથી તાપનો રોગ ફેલાયછે. અહિયાના વેપારી વહાણો (બગલા) હિંદુસ્તાન, સિંગાપુર, જાવા, મોરિશસ વગેરે દેશોમાં વેપારને અર્થે જાયછે. અત્રેનો રાજ્યાધીકારી ઈમામના નામથી ઓળખાયછે. અને તેનાં કેટલાંક લડાઈનાં વહાણો પણ હોયછે.

એદન—એ દક્ષિણ પશ્ચિમ કોસ્તાપર બાબલમાનડબની સામુદ્રધુનીની પાસે છે, એ એક ભૂશિર છે. એ બંદર સન ૧૮૩૯ માં માજી ઈસ્ટ ઈંડિઆ કંપનીએ અરબ લોકો પાસેથી પોતાને હાત કરી લીધું હતું. આગળા વખતમાં યુનાનીઓને એ ગામ જ[illegible]તું; અને એજ માર્ગે હિંદુસ્તાન અને મિસર વચ્ચે વેપાર ચાલતો હતો.

સાધારણ વિચાર.

અરબસ્તાનની લંબાઈ યુફ્રેતિસ નદીથી તે બાબલમાનડબની સામુદ્રધુની સુધી ૧૫ સો મૈલ, પોહોલાઇ પશ્ચિમે રાતા સમુદ્રથી તે પૂર્વે રાસલહદના બિંદુસુધી ૧૩ સો મૈલ, અને વિસ્તાર ૧૨ લાખ ચોરસ મૈલ છે. વસ્તી ૧ કરોડ ને ૨૦ લાખ માણસની ગણાયછે.

આ મુલકની હવા અતિશે ગરમ છે. એનો મધ્ય ભાગ સપાટ, ફલવંત, અને વહાબી જાતનાં લોકોની વસ્તીથી ભરેલો છે. પણ આસપાસ ઘણાં મોટાં ડરાંમણાં ને ગંજાવર રેતીનાં રાનો ફરી વળ્યાંછે. વેપારની મુખ્ય જણસોમાં ખજૂર, કાફી, ગુંદર, ઈશેશ વગેરે વસાણાની નીપજ થાયછે. અહિયાંના ઘોડાની ખુબસૂરતી, ઝડપ, બળ, તથા ઈમાનદારીને લીધે એ દેશ પ્રસિદ્ધ છે. વળી અરબ જેવા ભટકતાઓને અને તેમના

દેશને બંદબેસ્તું ને ઉપયોગી જાનવર જે ઊંટ તેની પણ અત્રે સારીજ પેદાશ છે. જંગલી જાનવરોમાં વરૂ, કોહલું, તરસ, ચિત્તા, હરણ વગેરેની વસ્તી છે. અરબસ્તાન મહમદ પેગાંબરની અને તેણે ઉભા કીધેલા ધર્મની જન્મભૂમિ માટે પ્રખ્યાત છે. અરબ લોક મધ્યમ બાંધાના, ભુરા રંગના, ગંભીર પણ ઉદાસ ચેહરાના હોયછે. તેઓ જાતે બાહાદૂર, અચ્છા ઘોડસ્વાર, ને હથીઆર વાપરવામાં ઘણી સફાઈ બતાવનારા છે. જ્યાં ને જ્યાંસુધી તેઓને ખોરાક પાણી મળે ત્યાં ને ત્યાંસુધી તેઓ હરેક જગોએ પોતાના તંબુ મારીને પડી રેહેછે, ને અહિથી તહિં ભટકીને રહાદારીઓ તથા મુસાફરોના કાફલાઓ ઉપર તુટિ પડીને લુટફાટ કરીને પોતાનું ગુજરાનૂ કરેછે. પણ પોત પોતામાં તેમજ તેઓને ત્યાં ગએલા પરોણા સાથ ઘણ ..વફી ભરેલા રેહેછે. તેઓ પોતાના પરોણાની પરોણાચાર કરવામાં ઘણી લાયકી, ઈમાનદારી, સભ્યતા અને દયા દેખાડેછે. આ લોક ઘણીક એક બીજીથી સ્વતંત્ર ટોલીઓમાં વહેંચાઈ ગએલા હોયછે, તે દરેક ટોલીને માથે એકેક સરદાર હોયછે, તેને શેખ, શેરીફ, કલીફ, ઇમામ કે અમીર વગેરેના નામથી ઓળખેછે. તેની સત્તા એક બાપ પોતાનાં બચ્ચાં ઉપર જેટલી ને જેવી ધરાવેછે તેટલી ને તેવી હોયછે.

ઈરાંન.

મુખ્ય શેહેરો.

તેહેરાંન—એ કાસ્પિઅન સમુદ્રની દક્ષિણે રાજધાનીનું શેહેર છે. ઉન્હાળામાં અંહિની હવા ઘણી ગરમ, તથા ખરાબ અને રોગીશ્ટ હોયછે, તે વેળાય પાદશાહ, તેનું લશ્કર, અને મોટા માતબર લોકો શેહેર છોડી ઉત્તર પશ્ચિમે ૧૫૦ મેલના અંતરપર આવેલા સુલતાનીઆના મેદાનમાં તંબુઓ મારીને ત્યાં રહેછે. એ શેહેરમાં કિરત નામની એક મોટી અને નામીચી ઇમારત છે.

ઇસ્પહાન—એ તેહરાંનની દક્ષિણે અસલના વખતની રાજધાની. એ શેહેરની આસપાસ ઘણાં સારાં ને રસાલ મેદાનો છે. આ શેહેરની પેહેલી ખરાબી પાદશાહ તૈમુર્લંગે કીધી, ત્યારપછે અફગાન લોકે ઇ૦ સ૦ ૧૭૨૨ માં તેની પૂરી ખરાબી કીધી. ખરાબી થયાની આગમચ અહિં મોટી મશીદો, પાઠશાળાઓ અને મુસાફરખાનાઓ વગેરે પુષ્કળ હતાં. જોકે એ શેહેરની ખરાબી થવામાં હવે બાકાત કસી રહી નથી તોબી હવડાં પણ એમાં ૧ લાખ આદમીની વસ્તી અને સારો વેપાર છે.

શિરાજ—હાલમાં એ ફારસ પ્રાંતનું મુખ્ય શેહેર છે. એકવાર એ આખાં ઇરાનનું રાજધાની શેહેર હતું. એ શેહેરની ખુબસુરતીનું બયાન ફારસી સાહેરોએ ઘણું સુંદર રીતે કીધુંછે. સન ૧૮૨૪ માં ધરતીકંપે કરીને એ શેહેરની ઘણી ખરાબી થઈ; અહિયાં નીમકનો વેપાર સારો ચાલેછે. શાદી અને હાફેજ નામના નામીચા સાહેરોની એ શેહેર જન્મભુમિ ગણાયછે. રૂશિયા ને તુર્કિ સાથે એને બહોળો વેપાર છે.

અબુશેહેર—પશ્ચિમે ઈરાંની અખાતપર વેપારી બંદર છે.

ગોમબરૂન— અથવા **બંદર આબાસ**)-એ ઈરાંની અખાતમાં દાખલ થતાંજ કાંઠાપર બંદર છે. અગાઉ ઈંગ્લિશ, ફ્રેંચ, અને ડચ લોકની અત્રે વખારો હતી. એ ઉપર મસ્કતના ઇમામની હકુમત ચાલેછે. વસ્તી ઝાઝી નથી પણ વેપાર સારો ચાલેછે.

તાબ્રિજ—એ ઉરૂમિઆ સરોવરની પૂર્વે, આજરબીજાંન પ્રાંતનું મુખ્ય શેહેર છે. એ શેહેરની આસપાસ બાગ બગીચા ને વાડીઓ પુષ્કળ છે. એને ઘણીવાર શત્રુઓએ લુટયું, તેમજ વળિ વારંવાર ધરતીકંપે પણ ઘણો નાશ કીધો. અત્રે શિઆળો ઘણો શાન્ત ગુજરેછે.

રેશ્ત—કાસ્પિયન સમુદ્રપર એક ઘણું મોટું શેહેર છે. એ મધે વેપાર ઘણો બહોળો ચાલેછે. વસ્તી ૬૦ હજાર માણસની ગણાયછે.

આસ્ત્રાબાદ—માઝંદરાન પ્રાંતના પૂર્વ તરફના વિભાગમાં ગુર્ગાન નદીને કાંઠે છે, અને જોકે વેપારને લાયક જગોએ એ આવ્યુંછે તોપણ વેપાર ઝાઝો ખીલ્યો નથી. અહિંની હવા એટલી ખરાબ છે કે સાધારણ રીતે "મર્કીનું ઘર" કરીને એ શેહેરને કહેવામાં આવેછે.

મુશેદ—કાસ્પિઅન સમુદ્રની દક્ષિણ પૂર્વે ખુરાશાન પ્રાંતનું મુખ્ય શેહેર છે. એની આસપાસ ફરતો કોટ બાંધી લીધેલોછે. ઈમામ રીજા નામના નામાંકિત પુરૂષની મોટી ને ઘણી સુંદર કબર અહિયાં છે, તેમજ પ્રખ્યાત ખલીફ હારૂન અલરશીદની પણ કબર અહિ છે. આગળા વખતમાં એ શેહેર ઘણું આબાદ હતું. બુખારા, હિરાત અને બીજી જગાઓ સાથે એને ભારી વેપાર ચાલેછે.

યજદ—એ શેહેર ઈરાક અજમી પ્રાંતની પૂર્વે રેતીનાં મેદાનમાં વસેલું છે. રેશમ, ગાલીચા, કાપડ, ને વાસણ બનાવવાનાં અત્રે કારખાનાં છે. એ શેહેરમાં પારસી લોકોની કંઈક વસ્તી છે. તેઓ જાતે ગરીબ અને મેહેનતુ છે પણ ધર્મસંબંધી જુદાઈને લીધે સરકાર તરફનો ભારે જુલમ ખમેછે.

કેર્માન—અસલ એ મોટું ને નામીચું શેહેર હતું. અહિયાં કંઈક ઉનનો વેપાર ચાલેછે. શાળ ને ગાલીચા અત્રે ઘણા સારા બનેછે.

સાધારણ વિચાર.

આ દેશની લંબાઈ યુફ્રેતિસ અને તૈગ્રિસ નદીઓના સંગમથી તે અફગાનિસ્તાનની સીમાસુધી ७६० મૈલ, પહોળાઈ કાસ્પિઅન સમુદ્રપર આવેલાં આસ્ત્રાબાદ શેહેરથી તે ઈરાની અખાતસુધી ७०० મૈલ, અને વિસ્તાર ૪ લાખ ૫० હજાર ચોરસ મૈલ છે. વસ્તી સુમારે ૧ કરોડ આદમીની ગણાયછે.

સામાન્ય રીતે ઈરાનનો મુલક ઘણોખરો પહાડી છે. આબોહવા તરેહવાર છે. પહાડના મથાળાપર જેમ ઘણી ઠંડી છે, તેમ હેઠાંણની જગોપર

ગરમી પુષ્કળ પડેછે. જો ઉત્તર તરફની જમીન ઘણી માતબર તથા રસાળ છે, તો દક્ષિણ ભાગ તદ્દન નકામો ને ઉજડ છે. સાધારણ પેદાસ ઘહું, ચોખા, જવ તથા બીજી જાતનો અનાજ અને તે સાથે રૂ, તમાકુ, અફીણ, તથા ફળીબાબ વગેરે વસાણાં અને ઘણી સારી જાતનો મેવો છે. જાનવરોમાં ઘોડા તથા ઘણી સારી જાતનાં કુતરાં હોયછે. અત્રે ખચ્ચર, ગધેડાં અને ઊંટ ઘણા વપરાયછે. સિંહ, વાઘ, ખડચાવાઘ, રિછ, ચિત્તા, જંગલી ડુક્કર વગેરેની પણ નીપજ થાયછે. અત્રેના કેટલાક ભાગમાં કંઈક દરજ્જે લોઢું, સીશું, ત્રાંબું ને રૂપું વગેરે ધાતુ મળેછે, પણ ખાણીજ પદાર્થમાં તબ્રિજનો મરમર નામનો એક જાતનો પારદર્શક પથર ઘણો વખણાયછે; તે બારીઓમાં કાચને બદલે વાપરી શકાયછે. અત્રે ગાલીચા, રેશમ કીનખાબ, ઉનનું તથા સુતરાઉ કાપડ, ચામડાં અને પોલાદી સામાન વગેરેનાં કારખાનાં સારાં છે, અને તેનો વેપાર પણ ઠીક ચાલેછે. ઈરાંનીઓ મોજી, ચંચલ, બાહોસ અને ઘણું કરીને ઉગમણ તરફના બીજા મુલુકોના લોકોમાં તેઓ કેળવાયલા હોયછે. પણ તેઓ ઠગારા ને દગલબાજ હોય એમ બોલાયછે. અહિંની રાજ્ય સત્તા આપખુદ છે, રાજના ધારા કુરાનને આધારે બાંધેલા હોયછે. લોકો બધા મહમદી ધર્મ માનનારા છે, પણ કોઈ કોઈ ઠેકાણે આ મુલુકના અસલ માલિક જરતોસ્તી યજદાંપરસ્તી લોકો હજુર કંગાળ અને હારમારી ભરેલી અવસ્થા ગુજારતા રહેલા છે.

અફગાનિસ્તાન.

એ મધે બલુચિસ્તાન કરીને મોટો પ્રાંત છે.

મુખ્ય શેહેરો.

કાબુલ—કાબુલ નદીપર રાજધાનીનું શેહેર, દરીઆની સપાટીથી એ ૬૪૦૦ ફીટ ઉચું છે. અત્રે બાલા હિસાર નામે એક કિલ્લો છે. દીલ્હીના પા-

દશાહ બાબરની અહિં કબર છે. એને રૂશિઆ, ચીન, તુર્કસ્તાન અને હિંદુસ્તાન સાથે ઘણો સારો વેપાર ચાલેછે. સને ૧૮૪૨ માં ૩૮૦૦ ઈંગ્લિશ સોલજર અને ૧૨ હજાર બીજાં લશ્કર સાથે ગએલાં માણસોની એકંદર કતલ થઈ હતી.

જલાલાબાદ—એ પુર્વ બાજુએ છે. સન ૧૮૪૨ માં ઈંગ્લિશ ફોજ ઉપર અહિયાં ઘણી વિકટ મુસીબત ગુજરી હતી. સર રાબર્ટ સેલની સરદારી હેઠલની એક નાની ઈંગ્લિશ લશ્કરની ટુકડીએ ઘણીજ બહાદુરીથી પોતાનો બચાવ કીધો હતો.

પેશાવર—એ કાબુલ તથા સિંધુ નદીઓના સંગમ ઉપર ખૈબર ઘાટની પુર્વે ૧૮ મૈલ ઉપર આવેલુંછે. પેહેલ વેહેલું અકબર બાદશાહે એ વસાવ્યું ત્યારે તે ઘણું મોટું અને ઘણું આબાદ શેહેર હતું, પણ અફગાનો પાસેથી પંજાબવાલા રંજીતસિંહે જીતી લીધું તે વેલા તેની ઘણી ખરાબી થઈ ને લુટાઈ ગયું. હવડાં એ અંગ્રેજ સરકાર પાસેછે. અહિંયાં જેમ ઉન્હાળો ઘણો તપેછે તેમ ટાઢ પણ ઘણી પડેછે.

ગીજની—એ પશ્ચિમ બાજુએ છે. ૧૧ મી સદીની સરૂઆતમાં સુલતાન મહમદ ગજનવીનાં મોટાં શેહેનશાત જેની હદ ગંગાથી તે તૈગ્રિસ સુધી, અને જેકઝારટસથી તે હિંદી મહાસાગર સુધીની હતી, તેની રાજધાનીનું એ પ્રખ્યાત શેહેર હતું. સમુદ્રની સપાટીથી એ ૭ હજાર ફીટ ઉંચાઈએ છે. સન ૧૮૩૯ માં અંગ્રેજ સરકારે લડાઈ કરીને એ લઈ લીધું.

કંદાહાર—એ હેલમંદ નદીની સાખા ઉપર, એની આસપાસની જમીન રસાલ અને બાગ બગીચાથી ભરેલી છે. એમાં મેવો ઘણી ઊંચી જાતનો થાયછે. એ શેહેરમાં પાણીનો સુકાળ છે. અમદશાહ પાદશાહની અત્રે કબર છે. એ શેહેર સિકંદર પાદશાહે વસાવ્યું હતું. સન ૧૮૩૯ થી તે ૪૨ સુધી એ અંગ્રેજ સરકારના હાથમાં હતું.

હિરાત—એ ઉત્તર પશ્ચિમે છે. આગળા વખત જેવડું એ હમણા મોટું નથી. અત્રે વેપાર સારો છે. એ ઉપર સ્વતંત્ર હાકમી ચાલેછે. હિંદુસ્તાનમાં પશ્ચિમ તરફથી દાખલ થવાની એ એક કુંચી ગણાયછે, એ માટે સન ૧૮૫૫ માં ઈરાંનવાળાએ જ્યારે એ લઈ લીધું ત્યારે અંગ્રેજ સરકારે લડાઈ લઈ જઈને તેને પાછું સ્વતંત્ર કીધું

ખિલાત—એ બલુચિસ્તાન પ્રાંતનું મુખ્ય શેહેર છે. સમુદ્રની સપાટીથી ૮ હજાર ફીટની ઊંચાઈપર એ આવ્યું છે. એમાં ટાઢ ઘણી સખ્ત પડેછે.

સાધારણ વિચાર.

એની લંબાઈ ઉત્તરથી તે દક્ષિણ સુધી ૭૬૦ મૈલ, પોહોળાઈ પુર્વેથી તે પશ્ચિમ હદ સુધી ૬૪૦ મૈલ. વિસ્તાર ૪ લ[illegible]રેસ મૈલ, અને વસ્તી સુમારે ૬૦ લાખ આદમીની ગણાયછે.

અફગાનિસ્તાનનો મુલુક બલુચિસ્તાનના રેતીના મેદાનથી તે બરફથી સદાના ઢંકાયલા હિંદુકુશના મથાળાંઓ સુધીમાં બધી જાતની આબ હવા તેમજ જમીન ધરાવેછે. જમીનનો જે ભાગ ખેતીના ઉપયોગમાં લેવાયોછે તેમાં યુરોપ તથા હિંદુસ્તાન મધ્યે નિપજતો મેવો અને ભાજી તરકારી ઘણાં સારાં થાયછે. લોકોના સાધારણ ખોરાક માટે ચોખા તથા ઘહું, અને ઘોડાના ખોરાક કાજે જવની વાવણી કરેછે. અત્રે તરેહવાર જાનવરોની નિપજ થાયછે, પણ અત્રેનાં શિકારી જાતનાં કુતરાં ઘણાં સરસ કહેવાયછે. અહિંયાનાં મેઢાં તેની ચરબીવાલી પુછડીનાં ભારી વજન માટે પ્રખ્યાત છે. ફકત પુછડીમાંથી ૧૦ થી તે ૧૨ રતલ સુધીની ચરબી નિકળેછે. અહિંયાંના લોકો ઘણીક જાત અને ટોળામાં વેંહચાયલાછે. તેઓ બધા એક સરખી રીતે એકજ હાકમના તાબામાં રહેલા નથી, દરેક ટોળીને માથે તેમનો જે સરદાર કે ખાન હોયછે તેના તેઓ ફરમાબરદાર રહેછે. જેઓ ખરા અફગાન કહેવાયછે તેઓ બહાદુર, રાક્ત, અને લડવૈયા પણ ખવા-

સમાં હરવા જંગલી લોકો છે. જોકે તેઓ જાતે મનના મોકળા અને ઓછાં દિલના કહેવાયછે તોપી વેર તથા કીનો લેવાને તેઓ કદી ભૂલે એવ નથી. એ મુલુકમાં રાજકારોબારનો કંઈજ ધડો નથી, ઘડીમાં કેમ ને ઘડીમાં કેમ. એ લોકો પારકાઓથી સ્વતંત્ર રેહેવાને ઘણા ખંતી છે તોપણ પોત પોતામાં તાબેદારી તથા અદબ અંદાજે સારો રાખેછે.

તાતાર દેશ—સ્વતંત્ર તાતાર.

મુખ્ય શેહેરો.

બુખારા—એ આમુ અથવા આક્ષસ યા જીહુન નદીની આગળ કોહિક નદીને કાંઠે, રા. .ી શેહેર છે. એ મધે પાઠશાળા તથા મશીદોનો તો સુમારજ નથી. ત્રણસે ઉપર તો ઇસલામી ધર્મની તાલીમ આપવાની પાઠશાળા છે. વસ્તી સુમારે ૧ લાખ ૬૦ હજાર માણસની ગણાયછે.

સમરકંદ—એ પુર્વ બાજુએ કોહિક નદીને કાંઠે. એ આગળા વખતનું તાતાર વંશના તૈમુરલંગ બાદશાહનું સન ૧૩૭૦ થીતે ૧૪૦૫ સુધી રાજધાની શેહેર હતું. એ પાદશાહની કબર એજ શેહેરમાં છે. આગળા વખતમાં એ ઘણું મોટું, આબાદ, અને રમણીક શેહેર હતું, પણ હવડાં ઘણી પડતી હાલતમાં છે.

બલ્ક—આમુ નદીની દક્ષિણે છે. પ્રાચીન કાળમાં મોટું ને નામીચું જરતોસ્તી ઇરાંનીઓનું જે રાજ્ય થઈ ગયું તેનું એ રાજધાની શેહેર હતું. જરતોસ્ત પેગાંમબરે પોતાનો ધર્મ શાહનશા ગુસતાસ્પની હજુર તેની દરબારમાં પ્રગટ કીધો ને તે કબુલ કરાવ્યો તે શેહેર પણ એજ હતું. એ બનાવ બન્યાને આજ લગભગ ૭ હજાર વર્ષની મુદત ગુજરેલી ગણાયછે. ગ્રીક અથવા યુનાની લોકે બાકત્રિઆનું જે રાજ સ્થાપ્યું

હતું તેનું રાજધાની શેહેર પણ એજ હતું. એ શેહેરના ઘણા પુરાતમ-
પણા ઉપરથી કોઈવાર એને "શેહેરોની માતા" કરીને કહેછે.

ખીવ—એ ઉત્તર પશ્ચિમે આમુ નદીપર છે. એ વેપારી મઠક છે. અહિયાં ખાંન રહેછે. ગોલામોનું અત્રે મોટું બજાર ચાલેછે.

ખોકાન—એ જેકઝારટસ અથવા સિહુન નદીપર છે. એની આસપાસની જમીન સારી પાકવાળી છે. સુમારે ત્રણસે મસીદ અને પચાસ હજાર ઘર છે પણ તે સર્વે મટોડીનું છે. વસતી ૧ લાખ ૫૦ હજાર સુધીની બોલાયછે.

તાશ્કંદ—એ સિહુન નદીને કાંઠે છે. એ શેહેર ઘણું પ્રાચીન કાળનું છતાં હજુર સારી હાલતમાં છે. વસ્તીની ગણત્રી ૧ લાખ સુધીની છે. રૂ તથા સેતુરના ઝાડની અત્રે ભારી રોપણી આછે.

સાધારણ વિચાર.

એ મુલકની લંબાઈ પુર્વેથી તે પશ્ચિમ સુધી ૧૩૦૦ મૈલ, પોહોળાઈ ઉત્તરથી તે દક્ષિણ સુધી ૯૦૦ મૈલ, વિસ્તાર ૯ લાખ ચોરસ મૈલ છે. વસ્તીની ગણત્રી ૬૦ લાખ આદમી સુધીની થઈ શકેછે.

સ્વતંત્ર તાતારનો જે ભાગ આક્ષસ અને જેકઝારટસ નદીઓની નઝદિક આવ્યોછે તે ભાગ માત્ર ફલવંત તથા ખેતીવાડી થવા લાયક છે, બાકીનો ઘણું કરીને મોટો ભાગ માત્ર કાળી ને રાતી રેતીનાં ગણોથી ભરેલો છે. આબ હવા સાધારણ રીતે ઠીક છે, તોપણ શીઆળો ઘણો સખ્ત ગુજરે છે. રેહેવાસીઓનો મોટો ભાગ ચીનાઈ તાતારી લોકોનો છે, જેઓ માત્ર પોતાનું અને પોતાના ઢોરોનું ગુજરાન ભમતા અરબોની મુઆફક અહિથી તહિ ભટકી લુટ કરી પુરૂં કરેછે. તેઓ ઘણીક જુદી જુદી ટોળીઓમાં વેહેંચાઈ ગએલા હોયછે. દરેક ટોળી પોતાનો સરદાર જેને તેઓ ખાન કરીને કહેછે તેની સત્તા હેઠળ રહેછે. એ ખાન જે ધારા

અમલમાં લાવેછે તે કુરાનને અનુસરીને બાંધેલા હોયછે. તેઓ લડવામાં બહાદુર, મગર ખુની તથા દગાખોર હૈયાંના હોયછે. તેઓનો ધર્મ ઇસલામી છે. અત્રેનાં બકરાં ને મેંઢાં તેમનાં સારા બાલ, ઉન, અને ચામડાંને માટે બહુ વખણાયછે. કેટલીક હદ સુધી અત્રે ગુલામી ધંધો ચાલેછે.

ચીનાઇ તાતાર.

મુખ્ય શેહેરો.

કાશગર—એ શેહેરના બે ભાગ છે. તેમાં એક મુસલમાનોનો અને બીજો ચીનાઓનો છે. અહિયાના લોકો ઘણા હુશીઆર કસબી છે. વેપાર ઘણો સારો ચાલેછે. અત્રે રેશમ તથા ગાલીચાનાં કંઇક કારખાનાં છે.

યારકંદ—એ એજ નામની નદીને કાંઠે છે. એ બહુ મોટું શેહેર છે. વેપાર સારો ચાલેછે. વસ્તી સુમારે ૧ લાખ આદમીની છે. લોકો મુસલમાન જાતીનાં છે. અહિયાં ચીનાઇ ગવરનરની ગાદી છે.

સાધારણ વિચાર.

ચીનાઇ તાતારની વધુમાં વધુ લંબાઇ પુર્વેથી તે પશ્ચિમ સુધી ૩૦૦૦ મૈલ, વધુમાં વધુ પોહોળાઇ ઉત્તરથી તે દક્ષિણ સુધી ૧૨૦૦ મૈલ, વિસ્તાર ૩૩ લાખ ચોરસ મૈલ છે. વસ્તીની સંખ્યા ૧ કરોડ ને ૨૦ લાખ સુધીની ગણાયછે.

ચીનાઇ તાતારના ઉત્તર ભાગની હવા શરદ ને નાપસંદ છે. દક્ષિણ ભાગે ગોબી અથવા શામોનું ૧૪૦૦ મૈલ લંબાઇ, ૭૦૦ મૈલ પોહોલાઇ, અને ૩૫૦૦ ફુટ ઊંચાઇનું મોટું રેતીનું રણ છે.

ટિબેટ.

મુખ્ય શેહેરો.

લાસા—સાંપુ નદીપર ચીનાઈ ટિબેટની રાજધાની. અહિંયાં ચીનના શાહનશાહે મુકરર કીધેલો ને મોકલેલો ગવરનર જેનરલ અથવા સર સુબો રહેછે. અત્રે ઘણાંક બાજારો, બાગો અને દેહેડાં છે. બૌદ્ધ ધર્મનો સર્વેથી વડો જે મહા લામાને નામે બોલાય છે તેની પવિત્ર ધર્મ ગાદીનું મુખ્ય મઠક છે. શેહેરના મધ્ય ભાગમાં તેનું જે દેહેડું છે તેની અંદરની કારીગીરી અને રચના એવી તો કીધેલીછે કે દુનિયાંના કોઇબી ભાગમાં એવી કોઇજ જગો હશે કે જ્યાં એની મુઆફક ધર્મ સંબંધી વિચારથી એના જેટલો ને જેવો સુના [illegible] ઉપયોગ કીધો હોય. અત્રેનાં ઘણાં ખરાં ઘરો પથરની બાંધણીનાં છે.

લાડક અથવા લેહ—એ સ્વતંત્ર ટિબેટની રાજધાની. એ દરીઆની સપાતીથી ૧૧ હજાર ફીટ ઊંચાઈએ છે. અહિંયાં મહા લામાથી ઉતરતો લામા રહેછે.

સાધારણ વિચાર.

ટિબેટની લંબાઈ પુર્વેથી તે પશ્ચિમ સુધી ૧૫૦૦ મૈલ, પોહોલાઈ ઉત્તરથી તે દક્ષિણ સુધી ૫૦૦ મૈલ, તથા વિસ્તાર ૭ લાખ ૫૦ હજાર ચોરસ મૈલ છે. વસ્તીની ગણત્રી ૫૦ થી તે ૬૦ લાખ સુધીની છે.

ટિબેટનો મુલક દરીઆની સપાટીથી ૧૪ હજાર ફીત સુધી ઊંચાણપર સપાટ મેદાનવાળો છે, તેની આજુબાજુએ તેથાબી બેવડી ઊંચાઇના હમેશા બરફથી ઢંકાયલા પર્વતો ફરી વળ્યાછે. દક્ષિણ એશીયાને લગતી જે મોટ મોટી નદીઓ જેવીકે સિંધુ, સટલજ, જમના, ગંગા, સાંપુ અથવા બ્રહ્મપૂત્રા, ઈરાવાડી, અને યાંગસિકયાંગ તેઓનાં મુળ અત્રેથીજ સરૂ થયાંછે.

અત્રેની આબહવા સર્દ, ને એટલી તો સુકી છે કે સાહારાનાં રેતીનાં મહાભારત રણની ગરમીથી જે અસર વનસ્પતિ ઉપર થાયછે તેજ મલતી અસર આ દેશાની હવાથી પણ થાયછે, તે એમ કે જો વનસ્પતિ હાથમાં લઈ ચોલી હોય તો તે તદ્દન ભૂકી ભૂકી થઇ જાયછે. ખુદરતથીજ એ મુલક ખેતીવાડીના કામને અનુસરતો નથી. જાનવરોમાં કસ્તુરીઆ હરણ, ઘણી સારી ઉનનાં મેંઢાં, તથા રેશમી બાલનાં બકરાં, વગેરેની સારી પેદાસ છે. અહિં કેટલીક જગોપરથી ઘણું ચોખું સોનું મલેછે. બીજા પદાર્થોમાં રંકણખાર, શંધવ, હિંગલો વગેરેની ઘણી સારી નીપજ થાયછે.

ચીન.

મુખ્ય શેહેરો.

પેકીન—એ રાજધાની શેહેર પીહો નદીપર છે. એ મધે ૨૦ લાખ કરતાં વધારે વસ્તી છે. એના ઉત્તર અને દક્ષિણ એવા બે મોહ્લા ભાગો છે, જે મધેના એકમાં ચીનાઓ વસેછે, અને તે વેપાર વણજનું મઠક છે. બીજામાં તાતારી લોકો, શાહનશાહ પોતે, તેના રાજદ્વારી અધિકારીઓ, મેહેલો, મોટમોટી હવેલીઓ તથા શેહેરના બચાવનું લશકર ખાતું વગેરે છે. શેહેરના મુખ્ય રસ્તા ઘણા લાંબા, સીધા, અને પોહોલા છે, પણ વલી બીજા તદન સાંકડા ને નાના છે. અત્રે ચોપડીઓ છાપવાનો અને વેચવાનો ઘણો ભારે રોજગાર ચાલેછે. વેપારીઓ પોતાની દુકાનોને રંગીને તથા વાવટાઓ ઉડતા રાખીને અતિ શોભીતી કરેછે.

નાનકિન—એ ચીન દેશામાં પેહેલા દરજાનું બીજું શેહેર છે. એ યાંગસિકયાંગ નદીના દક્ષિણ કાંઠાપર આવ્યુંછે. એ શેહેરમાં વસ્તી ૧૨ લાખ માણસની ગણાયછે. આગળ એ રાજધાની શેહેર હતું. આજે ચીનમાં મોટાં કારખાનાંવાલાં શેહેરો મધેનું એ એક છે. સાટીન વી-

ગેરે રેશમી તથા લાનકીનને નામે ઓળખાતું સુતરાઉ કાપડ, તથા કેટલીક જાતનાં કાગળ, બીજા કોઈભી મુલકની બનાવટ કરતાં સરસ બનાવેછે. અત્રે શાહનશાહ તરફનો વાઈસરાય રહેછે. સન ૧૮૪૨ માં ૨૯ મી આગસ્ટે ચીન તથા ઈંગ્લાંડ વચ્ચેના સુલેહના કોલકરાર એજ શેહેરમાં થયા હતા. એ કોલકરારોની ખુબીથી આગલ જે માત્ર કંતાનમાંજ પારકા રાજવાળાઓને વેપાર કરવાની પરવાનગી હતી તે નીકળી જઈને હેઠળ જણાવેલાં પાંચ મોટાં બંદરો ખાતે વેપાર કરવાની છુટ થઈ; કનતાન, એમોએ, ફુચ્યુ, નીંગપો, અને શાંગાહી. ચિત્રના કામમાં આવતો ઈંડિઆ ઈંક નામનો કાલો રંગ આ જગોએ ઘણો સારો બનાવેછે. અત્રે એક જગત પ્રસિદ્ધ મિનારો છે, જેની ઉંચાઈ ૨૫૦ ફીટની છે, તેની [illegible] માળછે, અને તે તમામ ચીનીકામથી બનાવ્યોછે.

કંતાન—એ દક્ષિણે સીકયાંગ નદીને કાંઠે છે, એને કયાંગચુ અથવા સાંગચિન કરીનેબી કહેછે. એ મધે નઝદિક ૧૫ લાખ માણસની વસ્તી ધારવામાં આવેછે. અહિયાં જેમ જમીનપર તેમજ નદીમાં પણ બોટો તથા તરતાં ઘરોમાં લોકો ઘરબાર કરીને જાહુક પડીઆં રહેછે. અહિયાં ઘણો બાહોલો વેપાર ચાલેછે. દર વર્ષે માત્ર નિકાસ માલનીજ ૭ થી તે ૮ કરોડ રૂપીઆ કિમત થાયછે. વેપારની મુખ્ય જણસ ચા, રેશમ, કિમતી ધાતુ, શાકર તથા ચીનીકામ વગેરે હોયછે. આયાત માલમાં અફીમ અને રૂ હિંદુસ્તાન ખાતેથી જાયછે. ચીનમાં શાહનશાહ તરફની બંધી છતાં અફીમ વેચાતુ હતું તે ઉપરથી સને ૧૮૩૯ માં ચીનાઈ સરકારે જાસતીથી અંગ્રેજી વેપારીઓની ૨૦૨૮૩ પેટી અફીમ લેઈ લીધું ને તેનો તદન નાશ કરી નાખ્યો, જેથી આ બેઉ સરકારો વચ્ચે લડાઈ જાગી, જેમાં ચીનાઈ સરકારની છેક હાર

થવાથી ૬૦ લાખ ડાલર અંગ્રેજી સરકારે બદલો ભરી લીધો અને લડાઈના ખરચનાં પેટામાં હાંગકાંગનો ટાપુ જપત કીધો.

એમોએ—કુચ્યુ—નીંગપો—અને શાંગાહી—એ પૂર્વ કોસ્તાપર બોહલી વસ્તી તથા ભારે વેપારનાં મઠકો છે.

સાધારણ વિચાર.

ચીનની વધતામાં વધતી લંબાઇ ઉત્તરથી તે દક્ષિણ સુધી ૧૬૦૦ મૈલ, વધતામાં વધતી પોહોલાઇ પૂર્વથી તે પશ્ચિમ સુધી ૧૩૦૦ મૈલ, અને વિસ્તાર ૧૬ લાખ ચોરસ મૈલ છે. વસ્તી સુમારે ૪૫ કરોડ આદમીની, અથવા દુનિયાંની આખી વસ્તીનો ત્રીજો ભાગ, યાતો દુનિયાં મધેનાં દર પાંચ માણસે બે માણસ ચીનની વસ્તી ગણાયછે.

બધીરીતે લેતાં ચીનનો મુલક સપાટ છે. એના દક્ષિણ ભાગમાં જુલાઈ, આગસ્ટ, ને સપટંબર આ ત્રણ માસ ઘણા સખ્ત તથા અકલામણ ભરેલા ઉન્હાળાના જાયછે. વળી ઠંડીની મોસમમાં તેમાં પણ કંસી બાકાત રહેતી નથી. ઉપરાંત ત્રણે માસમાં ઘણાં ભયભિત અને નુકસાનકારક દરીઆઇ તોફાનો જેને તાઇફુન કરીને કહેછે તે થાયછે. આ મુલકની જમીન ઘણી માતબર તથા રસાલ છે; ને ખેતીવાડી પણ ઘણીજ નફા ભરેલી અને ઉંચી કીસમની છે. વાવણીમાં મુખ્ય પદાર્થ ચોખા છે; જે ત્યાંની આખી વસ્તીનો મુખ્ય ખોરાક છે. આ મુલકની ઘણી જાણીતી અને વખણાયલી પેદાસ ચા છે, જે ઘણું કરીને અત્રેના પહાડી ભાગો પર થાયછે. કોયલો ને બીજી કિમતી ધાતુઓ તથા ખણીજ પદાર્થોની સારી નીપજ છે. જો કોઈબી ધાતુ અહિયાંનાં લોકોથી અણજાણી હોય તો તે માત્ર પ્લાટિનમ છે. વેપારી જણસોનાં કારખાણાઓમાં રેશમ, રૂ, તથા ચીનીકામ મુખ્ય છે. ઘણાજ જાણવા લાયક ચીનાઇ પરજા તરફનાં કામોમાં તેઓએ ઉત્તર હદે વારેવાર ચઢી આવનાર તાતારીઓથી

એકંદર બચાવ કરવાને માટે બાંધી લીધેલી મહાભારત દેવાલ છે. તે આજ બે હજાર વર્ષ પર બાંધેલીછે. તે જ્યાં અગત્ય પડીછે ત્યાં ચઢ ઉતર ૧૫ થી તે ૩૦ ફુટ સુધીની ઊંચી, તેમજ ૧૫ થી તે ૨૫ ફુટ સુધીની વધતી ઓછી જાડી, અથવા જેની ઉપરથી પાસે પાસેથી છ ઘોડસ્વારો વગર હરકતે પસાર થઈ શકે એટલી પોહોળી અને ૧૪૦૦ મૈલ લાંબી છે. બીજું તેઓનું માહાભારત કામ ૭૦૦ મૈલ લાંબી એક ગંજાવર ખણી કહાડેલી નેહેર છે. એજ નેહેરને આસરે સને ૧૬૬૦ માં અંગ્રેજ તથા ફ્રેંચો ચીન ઉપર ફાવ્યા હતા. ચીનાઈ ભાષા બીજી જાણીતી ભાષાઓથી તદન જુદી ઢબની અને એકાસ્વરી છે. અને પારકાઓને શીખવામાં તે ઘણી મુશ્કેલ છે. કેટલીક રીતે તપાસતાં જાણે તેઓમાં મુલાક્ષરો તો છેજ નહી. દરેક શબ્દને માટે જુદા જુદા તરેહવાર ચિત્ર ને આંકીરો હોયછે, જેની મતલબ તેના આવાજ કરવા કરતાં આપણા દિલમાં વિચાર કે ખ્યાલ ઉત્પન્ન કરવાની વધારે હોયછે; ને તેવા ૩૦ હજારથી ઓછા શબ્દો નથી. છાપવાની કલા, તથા હોકયંત્ર, અને દારૂગોળાની બનાવટથી તેઓ બીજી કોઈબી કોમ કરતાં પેહેલાં જાણીતા હતા. એ લોકો ઉદયોગી, ચંચલ, ને સહાસિક છે, તે સાથે કોઈબી બીજી પરજાની નકલ ન કરતાં પોતાની ગમે તેવી પણ અસલી રાહરસમ તથા ધારાઓને વલગી રહ્યાછે. તેણી ઠગાઈ વાપડવામાં અને જાતી અભિમાન ધરાવવામાં તેઓ કમ નથી. દુનિયાંમાં આદમ જાતની જે પાંચ ઓલાદ મુખ્ય ગણાયછે, તેમાં ચીનાઓ મોંગોલિઅન ઓલાદનાં બચ્ચાં છે. તેઓ બૌધ ધર્મ માનનાર છે. હવડાં જે તેઓ ઉપર રાજ્યસત્તા ચલાવેછે, તે આજ ૨૦૦ વર્ષપર ઘણી થઈ પડેલા તાતારી વંશના છે. રાજ્યસત્તા આપખુદ છે. રાજદુવારી મોટા હોધાને સારૂ ઘણા ભણેલા ને ચંચલ માણસોનેજ પસંદ કીધામાં આવેછે. એ મોટા હોદા ધરાવનારાઓને માનદરીન કરીને કહેછે. ચીનાઓ પો-

તાની ઓરતોની ખુબસુરતી તેણીઓનાં પગ ઘણા નાના રાખવામાં સમજેછે. માત્ર ૪ ઈંચ લાંબા ને ૨ ઈંચ પોહોલાઇથી વધારે નહીં થાય તેને માટે તે બાપડીઓ ઉપર તરેહવાર ઈલાજો ને યુકિતઓ કામે લગાડેછે, પણ તેથી તેણીઓને કેટલું દુઃખ થાયછે તેનો મુલે વિચાર કરતા નથી.

જાપાન.

મુખ્ય શેહેરો.

યેદો અથવા જેડો—એ નિફોન બેટના અગ્નિ ખુણામાં રાજધાની શેહેર છે. એ વિસ્તારમાં લંડન જેટલું છે, તથા વસ્તી પણ નજદિક તેના જેટલી છે. જાહેર રસ્તાઓ મધેનો એક રસ્તો ૧૦ મૈલ એક સરખો લાંબો છે. અહિયાંના લોકો સુઘડ, ખુશ મીજાજના અને અતિશે ભલા અને નમાર્ના છે. રસ્તા ઉપર કોઇબી ભીખારી નજરે પડતો નથી. જ્યાં જેવો ત્યાં સુખ તથા આબાદાની નજરે પડેછે, અને બધી રીતે તેના દેખાવની શોભા નહી બરોબરી કરી શકાય એવી છે. કોઇબી પારકા રાજવાલાને અત્રે વેપાર કરવાની હવડાં સુધી બંધી હતી પણ સને ૧૮૫૩ માં અમેરિકન કામાદોર પેરીએ તેમજ બલકે તેથી વધારે સન ૧૮૫૮ માં અંગ્રેજી એલચી લાર્ડ એલગીને કીધેલી કોશેસોથી બંધી નિકલી જઇને સર્વેને છુટ મળીછે.

મિયાકો—નિફોન બેટમાં દક્ષિણ પશ્ચિમે જેડાથી ૨૩૦ મૈલપર સર્વેથી વડા ધર્મગુરૂ મિકાદોની ધર્મગાદીની જગો છે. જાપાનના રાજ્યમાં વેપારનું તથા વિદ્યા હુન્નરનું મુખ્ય મથક છે. બાગબગીચા, મેહેલો, તથા દેહરાંઓની રચનાથી કરીને જાપાનનું એક એ બેહસ્ત ગણાયછે, અત્રે વસ્તી ૬ થી ૭ લાખ સુધીની ધારવામાં આવેછે, પણ તેમાં ૫૦ હજારથી વધારે સંખ્યા તો ધર્મગુરૂઓની છે અહિયાં પૂજા કરવાનું બ્રાનજ ધાતુનું એક પુતળું છે જેની ઊંચાઈ ૮૦ ફીટ છે ને કદમાં અતિશે જાડું છે.

સાધારણ વિચાર.

જેપાનના ટાપુની લંબાઈ સુમારે ૧૫૦૦ મૈલ, પહોળાઈ ૧૫૦ થી તે ૨૦૦ મૈલ, ને વિસ્તાર ૧ લાખ ૫૦ હજાર ચોરસ મૈલ છે. વસ્તી ૩।। કરોડ આદમીની ગણાયછે.

જેપાનનો ટાપુ કદાચ ખુદરતથી રસાળ નહીં હોય તોપણ ત્યાંના લોકોની ભારે કોશિસથી તે અતિશે ફળવંત થયોછે. જેપાનીસોએ પોતાને સુખ અને પોતાના દેશને શોભા મળે એવી બધી જાતની ભાજી તરકારી દાખલ કરવામાં તથા તે ઉગાવવામાં કશી બાકી રાખી નથી. અત્રેની મુખ્ય નિપજ ચોખા, ચા, ને રૂ છે. નિકાસ માલમાં રેશમ, ચા, ને ત્રાંબું છે. જેપાનીસોએ ઘણાખરાં તેઓનાં બધાં કારખાનાઓથી ચીનાઈઓને પાછળ પાડયાછે. ચોકસ કરીને તેઓ પોતાના ઘણાં નાદર લાકડ કામ તથા રોગાંની કામના હુનરમાં તો કોઈબી કોમથી ઉતરતા નથી, અને એ કામોને માટે આ ટાપુ પ્રસિદ્ધ છે. આ દેશમાં ખણિજ પદાર્થોની પેદાસ પણ સારી છે. અત્રે વારંવાર ઘણા ભયાંનક ધરતીકંપો થયા કરેછે. માત્ર જેડામાંજ સન ૧૮૬૦ માં જે ધરતીકંપ થયો તેથી ૨ લાખ માણસોના જાન માલની ખરાબી થઈ હતી. જેપાનીસો ઘણા ચાલાક ને સહાસિક લોકો છે, અને તેઓ એશિયા મધેની બીજી કોમો કરતાં ચઢતે દરજ્જેની કેળવણી ધરાવનાર બોલાયછે; પણ પરકોમને માટે ઘણુંના અદેખા છે, અને એટલા માટેજ આખાં દેશમાં માત્ર નાગાસાકીના બંદરે થોડાક ચીનાઓને અને ફકત ડચ લોકના માત્ર બે વહાંણોને વેપાર કરવાની છુટ આપેલી હતી; કોઈબી પરકોમવાળાને જેમ પોતાના દેશમાં દાખલ કરવાની બંધી રાખી હતી, તેમજ પોતાના દેશવાળાને દેશ છોડી પરદેશ જવાની પણ મના હતી. આ બંધી કહાડી નાખવાને સન ૧૮૫૩ માં અમેરિકન કામાદાર પેરીએ અને સન ૧૮૫૮ માં અંગ્રેજી એલચી

લાર્ડ એલજીને ભારે કોશિસ કીધી, જેથી તે બંધી તદન નિકળી જઈ, હવે સર્વે કોમને જેપાનખાતે વેપાર વણજ કરવાની છુટ મળીછે. અત્રે બે શાહનશાહો હોયછે. એક રાજદુવારીક સત્તા ચલાવનાર જેને નાઈકુન કરીને કહેછે તે, ને બીજો ધર્માચારીક સત્તા ચલાવનાર જેને મીકાડો કરીને કહેછે તે. આ છેલ્લાની સત્તા સન ૧૫૮૩ સુધી આપઅખત્યાર હતી, પણ ત્યાર પછેથી માત્ર નામનીજ રહીછે. જાપાનીસો બૌદ્ધ ધર્મ પાળનારા છે. રાજ્યસત્તા આપખુદ છે.

શિઆમ.

મુખ્ય શેહેરો.

બાંકોક—એ સિનામ નદીને કાંઠે રાજધાનીનું શહેર, તેમજ વેપારનું મોટું મથક છે. એના વસ્તી ૪ લાખ સુધીની ગણાયછે, પણ તે મધે અર્ધો અર્ધ ભાગ તો ચીનાઓ છે. વસ્તીનો મોટો ભાગ નદીમાં બાંબુના તરાપા બાંધીને તેમાં રહેછે. શહેર મધેની સાધારણ હાલત ઘણી ખરી કંગાળ છે. તોબી રાજમેહેલ, દેવળો, તથા કોઈ કોઈ માતબરોની હવેલીઓ સારી છે. એમાં વેપાર ઘણો બહોળો ચાલેછે.

અયુથિઆ અથવા સિયુથિઆ—૪૦ મૈલ ઉત્તરે મિનામ નદીના એક બેટ ઉપર છે. એ આગળા વખતનું રાજધાની શહેર હતું. બર્મીસોએ સન ૧૭૬૭ ના સાલમાં એ શહેરનો નાશ કરી નાખ્યો. વસ્તી એક લાખ ઉપરની ગણાયછે.

બ્રહ્મદેશ.

આવા—એ ઇરાવતી નદીને કાંઠે રાજધાની શહેર છે એમાં વસ્તી એક લાખથી કંઈક વધારે છે. સન ૧૮૩૯ માં ધરતીકંપે કરીને એની ઘણી ખરાબી થઇ હતી. ત્યાંની સરકાર દરબારમાં એ શહેર રતનપુરના નામથી બોલાયછે ને લખાયછે.

અમરપુર—એ ઈરાવતી નદીને કાંઠે. સને ૧૮૧૯ સુધી એ રાજધાની. શેહેર હતું. એમાં વસ્તી આસરે ૧ લાખ સુધીની ગણાયછે.

હિંદુસ્તાન.

હિંદુસ્તાનનો મુલક, એશિયાખંડની દક્ષિણે ત્રણ બાજુએ પાણીથી અને એક બાજુએ જમીનથી વીંટાયલો એમ એક ત્રિકોણાકારે દ્વીપકલ્પ છે.

એની ઉત્તર સીમાએ હિમાલય પર્વત છે; જેથી એ ટિબેટ દેશથી છુટો પડેછે.

એની પશ્ચિમ હદે અફગાનીસ્તાન, મકરાન અથવા બલુચિસ્તાન, તથા અરબી સમુદ્ર છે; પણ વચ્ચે સુલેમાન તથા હાલાના પહાડો આવી, એને આફગાનીસ્તાન, તથા બલુચિસ્તાનથી જુદો પાડેછે.

એની દક્ષિણે હિંદી મહાસાગર આવ્યોછે. અને એની પૂર્વ મરયાદા બંગાળાના ઉપસાગર તથા બ્રહ્મદેશથી પૂરી થાયછે.

ઉપલા અરબી સમુદ્ર તથા બંગાળાના ઉપસાગરને જુદા ન ગણતાં તેઓને હિંદી મહાસાગરનાજ પેટાના સમજવા.

આ મુલકનો નઝદિક અર્ધો અર્ધ ભાગ ઉષ્ણ કટિબંધમાં આવ્યો છે.

હિંદુસ્તાનનું ભરત લંબાઈમાં ઘણામાં ઘણું ઉત્તરે હિમાલય પર્વતના કારાકોરમ શિખરથી તે છેક દક્ષિણે કન્યા કુમારી ભુશિર સુધી ૧૯૦૦) મૈલ, તથા વધતામાં વધતી પહોળાઈમાં પશ્ચિમે સિંધની હદથી તે પૂર્વે આસામની કિનારી સુધી ૧૮૦૦) મૈલ, અને વિસ્તાર લગભગ ૧૬ લાખ ચોરસ મૈલ છે.

હિંદુસ્તાનનો વિસ્તાર આખા યુરોપખંડના $\frac{1}{2}$ થી વધારે, ગ્રેટબ્રિટનના વિસ્તારથી ૧૬) ગણાથી ઘણો વધારે, અને ચીનના રાજ્યના વિસ્તારની લગભગ બરાબર છે; તોપણ અંગ્રેજી હકુમત હેઠળના તમામ મુલકોનો એ ત્રીજો ભાગ છે.

ઉપલા ૧૬) લાખના વિસ્તારમાં ૧૦) લાખ અંગ્રેજી હકુમતમાં, ૫ લાખ ખંડીઆં રાજ્યો હસ્તકમાં અને ૧) લાખ સ્વતંત્ર સત્તા ધરાવનારાં દેશી તથા પરદેશી રાજ્યોમાં વહેંચાયલાછે.

હિંદુસ્તાનનો પૂર્વ કિનારો જે કરોમંડળ કોસ્તાને નામે, અને પશ્ચિમ કિનારો જે મલબાર કોસ્તાને નામે ઓળખાયછે, તેની લાઇનની લંબાઇ એક છેડેથી તે બીજા છેડા સુધી ૩૬૦૦) મૈલની છે.

આ મુલુકની વસ્તીની ગણત્રિ ૨૪) કરોડથીબી વધારે થઇ શકેછે. જે મધેથી ૧૯) કરોડ અંગ્રેજી હકુમત તળે; ૪) કરોડ ૫૦) લાખ ખંડીઆં દેશી રાજ્યો હસ્તક; અને ૫૦) લાખ દેશી સ્વતંત્ર અને પરદેશી સ્વતંત્ર રાજ્યો કેડે[illegible] આ ગણત્રિ આખા યુરોપખંડની તમામ વસ્તીના અર્ધા ભાગથી વધારે, ગ્રેટ બ્રિટનની વસ્તી કરતાં ૬) ગણીથી વધારે તથા પૃથ્વી ઉપરના કોઇબી દેશની વસ્તી કરતાં વધારે, અને માત્ર ચીનનીજ વસ્તીથી બીજે દરજ્જેની છે. સર્વેથી વધારે ખિચોખિચ વસ્તીવાળો તેમજ રસાળ જમીનવાળો ભાગ ગંગાની ખિણને લગતો ગણાય છે. આખો હિંદુસ્તાન સામટો લેતાં દર ચોરસ મૈલે સરાસરી ૧૨૪) માણસની રાસ ઉતરેછે જે ગ્રેટ બ્રિટનની વસ્તીના પ્રમાણ સાથ તપાસતાં અર્ધોઅર્ધથી પણ ઓછી છે.

આખા હિંદુસ્તાનના ૩/૪ વિસ્તારના ભાગ ઉપર, અને આખી વસ્તીના ૩/૪ ભાગ ઉપર અંગ્રેજ સરકારની પાધરી ને પૂરેપૂરી હકુમત ચાલેછે. બાકીના ભાગ ઉપર ચઢ ઉતર પદવી ને દરજ્જાના નઝદિક ૨૦૦) હિંદુ તેમજ મુસલમીન રાજા રાણીઓની કેટલેક દરજ્જે સત્તા અને હાકમી છે ખરી, મગર તેઓ બધાં વધતી ઓછી અંગ્રેજ સરકારની મુરબીગીરી અને બાંઇધરીમાં ગણાયછે. છેક ઉત્તર તરફના નીપાલ અને ભુટાન

એ બે રાજ્યો માત્ર સર્વ પ્રકારે સ્વતંત્ર છે; તોપણ તેઓ અંગ્રેજ સરકાર સાથે સારો એખલાસ રાખેછે. નીપાલની સત્તા માત્ર ૫૦ હજાર ચોરસ મૈલ જમીન અને ૨૦ લાખ માણસની વસ્તી ઉપર ચાલેછે. ભૂટાંનની સત્તા હેઠળ એટલું પણ નથી. તેની સત્તા હેઠળ માત્ર ૨૩) હજાર ચોરસ મૈલના વિસ્તારની જમીન અને આશરે ૫) લાખ માણસની વસ્તી છે.

આ તરફ હજુર કંઈક બીજાં પરદેશી રાજ્યો તરીકે પોર્તુગીઝ, તથા ફ્રેંન્ચ ભાગાં તુટાં રહ્યાંછે. પોર્તુગીઝ હસ્તક ગુજરાતના દક્ષિણ કિનારાપર **દિવ**, મુંબઇની ઉત્તરે **દમણ** અને દક્ષિણે પશ્ચિમ કોસ્તાપર **ગોવા** ને **પનજુમ** છે. એ બધાંનો એકંદર વિસ્તાર ૧૨૦૦) ચોરસ મૈલ જમીન અને કુલે વસ્તી ૫) લાખ માણસની ગણાય છે. ફ્રેન્ચ. હસ્તક કરોમંડળ કોસ્તાપર **પોંદિચરી** અને **કરીકલ**, મલબાર કોસ્તાપર **માહી**, સરરકારના ભાગમાં **યેનામ**, અને કલકત્તાની ઉત્તરે હુગલી નદીપર **ચંદ્રનગર** છે. એ બધાંનો વિસ્તાર ૫૦૦) ચોરસ મૈલ જમીન અને કુલે વસ્તી ૨) લાખ માણસની છે.

આપણે જે દેશ વિષે હાલ બોલીએછ તે દેશ, અને તે મધેના અસલ વતનીઓ આજ જે નામથી બોલાયછે, ને ઓળખાયછે, તે તેમનાં ખરાં કે અસલ નામો નથી. આ દેશને પ્રાચીન ગ્રંથોમાં **ભરતખંડ** અને તેના અસલ વતનીઓને **આર્ય** લખેલાછે. હિંદુસ્તાન અને **હિંદુ**, એ નામો આ મુલ્કમાં આવી, ઘણી લાંબી મુદત સુધી રાજ્ય સત્તા ચલાવી ગયલા મુસલમીન લોકથી પડયાંછે.

આ દેશ બહુ વિશાળ છે. તેમાં અનેક પ્રકારની જમીન અને હવા છે; અને તેના ભિતરમાં અનેક ખનિજ ઝવાહીરો છે. દુનિયાંમાં દેખાતા ઘણાખરા દરેક ખુદરતી દેખાવો અત્રે આપણી નજરે પડેછે. દુનિયામાંના ઉંચામાંઊંચા પહાડો આ દેશમાં છે; જેમનાં શિખરો હમેશાં બરફથી

ઢંકાયલાં રહેછે. મોટ મોટી નદીઓને કાંઠે વિશાળ ને ફળદ્રુપ ખેતરો સુર્યના તાપમાં ખુલ્લાં પડેલાંછે; તેમજ તપતી રેતીનાં બહોલાં રણો, મોટમોટાં ઝાડી જંગલો, અને ઊંચી સપાટ જગ્યાઓ આવી રહ્યાંછે.

આ મુલ્કની આબ હવા તેની જમીનના ઊંચાણ નિચાણ ઉપર આધાર રાખેછે. ઉત્તરે ઠંડી અતિશય છે, તો દક્ષિણે ગરમી પુષ્કળ છે. ઉત્તર તરફની હવા ઈંગ્લાંડના ઉન્હાળાને મળતી આવેછે; પણ ગંગા અને સિધુની ખિણોમાં અને બીજી નિચાણ જગ્યાઓમાં તો એટલી ગરમી છે, કે ત્યાં યુરોપિયનોથી રહેવાય પણ નહી, અને તે સેહેવાય પણ નહી. વળી આ મુલ્કના પૂર્વ ભાગના જેટલી ગરમી પશ્ચિમ ભાગમાં પડતી નથી; તેમ પશ્ચિમે જેટલો વરસાદ વરસેછે, તેટલા જોરથી પૂર્વમાં તે વરસતો નથી.

અત્રે વર્ષની ત્રણ રૂતુ છે. માર્ચથી તે જુનની શીરૂઆત સુધી ઉન્હાળો, પછે અકટોબરની અર્ધવચ્ચ સુધી ચોમાસુ, બાદ નવેંબરથી તે ફેબ્રુઆરીની આખેરી સુધી શિયાળો ચાલેછે. બધી જગ્યાએ ચોમાસુ એકે વખતે અને એક સરખું વરસતું નથી. દખણમાં બધી રૂતમાં અવાર નવાર ઝાપટાં મારેછે; તો ઉત્તર ભાગમાં ઉન્હાળા ને શિયાળાની બેઉ રૂતમાં વરસેછે; મગર મધ્ય ભાગ ને તેમાં મુખ્ય કરીને સિંધના ભાગમાં તો વરસતોજ નથી; અગર વરસેછે તો કેટલાંક વર્ષોને અંતરે એકાદ બે ઝાપટાં પડેછે.

પશ્ચિમ યા મલબાર કોસ્તા તરફ એપ્રિલ માસની અર્ધવચ્ચથી નૈરૂતકોણ ભણીથી પવન ફુંકેછે, કે જ્યારે એ બાજુ ચોમાસુ બેઠું ગણાય છે; તે છેક સપટેમ્બરની આખેરી સુધી ચાલુ રહેછે. પૂર્વ અથવા કારોમંડળ કોસ્તા તરફ અકટોબરથી તે ફેબ્રુઆરી સુધી ઇશાનકોણ તરફથી પવન ફુંકેછે, જે વખત તે લત્તા તરફ ચોમાસાનો ગણાયછે.

આ દેશની જમીનના ભિતરમાં હીરાથી તે કોયલા સુધીના, અને સોના રૂપાંથી તે લોઢાં કલાઈ સુધીના કિમતી પદાર્થો જણાયછે. ઓરિસા, સંભલપુર, વિજાપુર, કોલાર સરોવર, કૃષ્ણને કાંઠે, અને બુદેલખંડમાંથી હીરા વગેરે ઝવાહીર મળેછે. પંજાબ, ટેનાસરિમ, મૈસુર, તથા મલબાર કોસ્તા તરફથી સોનું રૂપું મળી આવેછે. ટેનાસરિમ તથા માર્તબાનમાં કલાઈની મોટી ખાણો છે. જેપુર, રજપુતાના, નીપાળ, સિકીમ વગેરે બીજા ભાગોમાં ત્રાંબાની નિપજ છે. કુલુ, ગારવળ, અને સરમુરમાં સીસાની ખાણ છે. હિમાલય પર્વતમાંથી સુરમો મળેછે. જેપુર આગળ કોબાલ્ટ મળેછે. પંજાબમાંથી થોડું ઘણું પેત્રોलियम મળેછે. ઝલમ અને સહાપુરના પ્રાંતો આગળથી તે ઠેઠ પંજાબ સુધી મીઠાનો મોટો જથ્થો છે. રજપૂતાનામાં સંભરનું સરોવર કોસ્તા, અને ગુજરાતમાં, તથા મુંબઈ અને મદ્રાસના સમુદ્રોના પાણીમાંથી પુષ્કળ મીઠું મેળવ્યામાં આવેછે. વળી ઘણાક જગ્યાપરથી સુરોખાર પણ મળેછે. લોઢું હિમાલય પર્વતના તથા ઉતર હિંદુસ્તાનના ભાગોમાંથી તેમજ નર્મદાને કાંઠે જબલપુર આગળથી બહુ મળેછે. કોયલાની ખાણોને ચાર ભાગોમાં વહેંચી નાખીછે;—રાજ મહાલના ડુંગરોમાં તથા દામુદાની ખિણ; રીવા, સરગુજા, છોટાનગર તથા તાલચીરની ખિણો; નર્મદાની ખિણ તથા સાતપુડાના પર્વતો; અને વરદા તથા ગોદાવરી નદીઓની ખાંણો. આખા હિંદુસ્તાનમાં બંગાળ ઇલાકામાં રાણીગંજની કોયલાની ખાણ સર્વથી મોટી ગણાય છે. તે ૧૯ મૈલ લાંબી, ૪૦ મૈલ પહોલી, અને ૬૦૦) ચોરસ મૈલ ક્ષેત્રફળ છે. આ ખાણના કોયળાનું થર ૪) ફીટથી તે ૩૫) ફીટ ઘેરનું જાડું છે.

હિંદુસ્તાનની જમીન સંસાર ખપના ને ઉપયોગી મોટાં ઝાડપાન તથા વિવિધ વનસ્પતિની ઉત્પત્તિ કરી આપવાને ખુદરતથીજ એટલી તો અનુ-

ફુલ છે કે પૃથ્વીના ગોળા ઉપર તેની જોડ કદાચજ બીજી મળશે. અત્રે અનેક પ્રકારની ઉપયોગી ને રસીળી વનસ્પત્તિ થાયછે. ફુલ ફળાદી છોડવા ને ઝાડોની જુદી જુદી જાતો એટલી તો છે કે તેની હજારોથી ગણત્રિ થઈ શકેછે. ફકત જુદાં જુદાં ફુલનાજ છોડની ગણત્રિ ૭) હજારની ઉપર જાયછે. વળી તેપરના ફુલમાં, તેના કદમાં, તેની શોભામાં અને તેમાં રહેલી મધમધાટમાં કસી બાકાત નથી. તાણ વૃક્ષો જેવાકે ખજુરી, નાળિએરી, તાડ, સોપારી, સાગુચોખા વગેરે ઠામ ઠામ નજરે પડેછે. ભાતભાતના તેજનાના તથા સુગંધી ગુંદરોના, તથા રોગાન અને રાળના ઝાડો, તથા અનેક જાત ને ગુણ ધરાવનાર ઓષધી છોડવા જ્યાં ત્યાં જરથા બંધ જોવામાં આવેછે. સાગ, સીસવ, સુખડ, બાવળ, વડ, સાલ, વગેરેનાં મોટા વનનાં વન છે. અનેક ધાન્યોનાં એવાં તો બહોળાં ને માતબર માટીના ખેતરો છે કે કેટલીક જગ્યાએ વર્ષના બે પાક, અને કહીં કહીં તો કોઈ વર્ષે ત્રણ પાક, આપેછે. ગુજરાત, ધારવાડ, અને નાગપુરમાં રૂ ઘણો ને સારો ઉત્પન્ન થાયછે; તોપણ આખા બંગાળ ઇલાકામાં, આરાકાન, પેગુ, બીરાર, અને નીજામના મુલક વગેરેમાં પણ તેની નિપજ થાયછે. પટણા, પેશાવર તથા બંગાળ વગેરેમાં ચોખા થાયછે; પણ આરાકાનમાં વર્ષના બે પાક, અને કટકમાં તો કોઈ કોઈ વર્ષે ૩ પાક ઉતરેછે. ઘઉં—વાયવ્ય પ્રાંત તથા પંજાબમાં; જવ ને બાજરી—નીલગીરિમાં; તમાકુ તથા શેરડી—ઘણું કરીને બધી જગ્યાએ થાય છે; તોપણ ગુજરાતનો તમાકુ ઘણો વખાણાયછે. ગંગા અને હિમાલયની વચ્ચેના ભાગમાં ગલીની મોટી પેદાશ છે. માળવા, આસામ, બંગાળા, બહાર તથા બનારસમાં અફીમનો મોટો પાક કીધામાં આવેછે. આસામ, દારજીલિંગ, કમાઉન, અને બંગાળાના પુર્વ ભાગમાં ચાની ઉત્પત્તિ છે. નીલગિરિ તથા લંકામાં કાફી થાયછે. મરી, જીરૂં, ધાણા, તજ,

એલચી વગેરે ગરમ મસાળો ને તેજાનાની મલબાર કોસ્તાપર ભારે નિપજ છે. રસિક ફળોમાં—કેળાં, કેરી, નારંગી, દ્રાક્ષ વગેરે ઘણાં પૂષ્ટ, દલદાર, રસિક ને જથ્થાબંધ મળેછે.

આ દેશમાં પાળવા લાયક તેમજ શિકારયોગ્ય પશુ, ઢોર, ફાડીખાનાર જનાવરો કે પક્ષીઓ વગેરેનો કસો ટોટો નથી. ઘરસંસારના ઉપયોગમાં આવે એવાં પ્રાણીઓમાં—ઘોડા, ગધેડાં, ખચ્ચર, હાથી, ઊંટ, ગાય, બળદ, ભેંસ, બકરાં, મેંઢાં વગેરેની બહોલી પેદાસ છે. શિકારી ને જંગલી પ્રાંણીઓમાં—ગેંણ્ડા, યૉક, રીંછ, વાઘ, ચિત્તા, ખડીઆ વાઘ, શાણી ડુક્કર, વરુ, કોહોલાં, મૃગ, હરણ, સાબર, ને વાંદર વગેરેની જંગલોમાં ભારી વસ્તી છે. સિંહ ઘણો ખરો ચોકસ જગ્યાએજ, જેમકે રજપુતાના અને ગુજરાતમાંથીજ મળેછે. કાશ્મિરી બકરાં મેંઢાં તેમના ઝીણા ને બારીક વાળ અને ઉનને માટે પ્રખ્યાત છે. પેટે ચાલનારાં મોટાં અને ઝીણાં પ્રાણીઓમાં—રેશમના કીડા, સોસવાટ, ઘલોડી, સાંપો, દેડકા, વિછુ, કાનખજુરા, વગેરે અપકારી ને નિર્પકારી પુષ્કળ જાત ભાતના મળી આવેછે. પક્ષીઓમાં પાંચસેથી વધારે જુદી જુદી જાતના, તરેહવાર રંગ બેરંગી પીછાંનાં અને સુશોભિત જીવો જણાયલાંછે.

આ મુલ્કના અસલ રહેવાસીઓ વિષે એવું કહેછે કે તેઓ સિથિયન યા ટયુરેનિયન ટોળાના હતા. પણ પછે ઘણી લાંબી મુદતે એરિયન ટોળાના લોકે વાયવ્યકોણ તરફથી દાખલ થઈ પંજાબમાં પોતાનું મઠક કર્યું. બાદ રફતે રફતે ઉત્તર અને મધ્ય હિંદુસ્તાનમાં પંથરાતા ચાલ્યા, જેથી અસલી રહેવાસીઓ પહાડોની કઢણો અને જંગલોમાં ભરાતા ગયા. જેઓ એમ દુર ન ગયા, તેઓ આ નવા આવી વસેલાઓમાં ભેલાતા ગયા. ભિલ્લ, ગોંડ, ચેંચી, ખોંડ, સાન્થલ વગેરે વિષે એવું કહેછે કે તેઓ આ દેશના સર્વેથી પહેલા રહેવાસીઓની ઓલાદ છે. આજે

દક્ષિણ તરફની વસ્તીનો મોટો ભાગ સંકર જાતીનો યાને એરિયન અને ટયુરેનિયનોના એકેક સાથના સંસાર સંબંધથી થયલો ધારવામાં આવેછે.

હિંદુસ્તાનમાં ઓછામાં ઓછી ત્રીસ ભાષા બોલાયછે. જેના ત્રણ વર્ગો કરવામાં આવ્યાછે. ૧ લા વર્ગની, એરિયન લોકો જેઓ ત્રણ હજારથી વધુ વર્ષની વાત ઉપર હિંદુસ્તાનમાં આવી વસ્યા તેઓની છે. અને એજ ભાષામાં તેઓના ધર્મશાસ્ત્રોના ગ્રંથો લખાયલા છે. આજ તે વ્યવહારમાં બોલવા ચાલવામાં આવતી નથી; પણ તેના પેટાની ઘણીક ભાષાઓ બોલાય લખાય છેઃ—જેવી કે, બંગાલી, આસામી, ઉર્ય, હિંદી, ઉરદુ, સિંધી, મુલતાની, પંજાબી, જંબુ, કાશ્મિરી, નેપાલીસ, કચ્છી, મરાથી, ગુજરાતી વગેરે. ૨ જા વર્ગની, ટયુરેનિયન લોકો, અને તેમાં મુખ્ય કરીને દક્ષિણ તરફના અસલી રહેવાસીઓ બોલેછે. એ વર્ગના પેટામાં—તૈલંગી, તામિલ, કનેરી, મલીયાલમ, સિંગાલી, પાલી, કાનડી વગેરે છે. ૩ જા વર્ગની ભાષા વગર લખાયલી ને જંગલી છે. પણ તપાસ ઉપરથી તે બીજા વર્ગવાલી ભાષાને મલતી માલૂમ પડેછે.

આ દેશની બહોલી વસ્તીનો નઝદિક $\frac{૯}{૧૦}$ (નવ દસાંસ) ભાગ હિંદુઓ જેઓ એરિયન ટોળાના કહેવાયછે તેઓનો છે. અવલમાં તેઓ એક જાતમાં રહ્યા; પછે તેની ચાર થઈ; બાદ એકેક જાત સેંકડો નાતમાં વહેંચાઈ ગઈ. પ્રથમ જે ચાર જાત થઇ—તે બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, ને શુદ્રને નામે બોલાયછે.

હિંદુઓની દેહ શુદ્ધ કરવાને, અને મનનું સમાધાન કરવા વાસ્તે આ દેશમાં અનેક ધામો છે; જેવાં કે આગ્રા ઇલાકાની ઉત્તરે **બદ્રીનાથજી**; બંગાળ ઇલાકાની દક્ષિણે પુર્વે કોસ્તાપર **જગન્નાથજી**; મદ્રાસ ઇલાકાની દક્ષિણ બેતમાં **રામેશ્વર**; અને મુંબઇ ઇલાકામાં ગુજરાતના કાઠિયાવાડ ભાગમાં પશ્ચિમે બેટમાં **દ્વારકાનાથજી**; આ અને એ વગેરે બીજાં

ઘણાં છે. વલી આ ભાઇઓના વિચાર પ્રમાણે આ દેશ મધેની કેટલીક નદીઓના પાણી પદવી ને દરજ્જા પ્રમાણે પવિત્રતાપણું ને ઇશ્વર શક્તિ ધરાવેછે; જેમકે—"**તાપી** સ્મરણે, **રેવા** દર્શણે, **જમના** પાને, અને અને **ગંગા** સ્નાને." યાને તાપી નદીને ફક્ત વમાસવાથી, રેવાને નજરે જોયાથી, જમનાનું પાણી પીધાથી, અને ગંગા જળે નહાવાથી તેઓનાં પાપ કપાયછે, ને મુક્તિ મળેછે.

આ દેશનો વ્યાપાર ઘણો બહોલો છે, અને તે મુખ્ય કરીને ગ્રેટ બ્રિટન, ચીન, જેપાન, ફ્રાન્સ, અને આસ્ટ્રેલિયાની સાથે ચાલેછે. આયાત માલમાં—મુખ્ય કરી રૂ, રેશમ, અને ઉનનો તૈયાર માલ; લોઢાં કામ, સાંચા કામ, ચાંદી, ત્રાંબુ, વગેરે બીજી ધાતુઓ; કોલસો, દારૂ, ચા, ચીની કામ વગેરે છે. નિકાસ માલમાં—મુખ્યકરીને કાચુ રૂ, રેશમ ને ઉન: ચાંમડાં, જુટ, ગુલી અને બીજા રંગો; ખાંડ, કાફી, ચોખા, અફીમ, તેલનાં બીજ, સુરોખાર, મરી વગેરે ગરમ મસાલો વગેરે છે.

આ મુલુકની છેલ્લાં વર્ષની ઉપજ અંગ્રેજ સરકારે નઝદિક ૫૦) કરોડ રૂપીઆ અટકલી હતી; અને ખરચ પણ ઘણું કરીને તેટલોજ ગણ્યો હતો. ઉપજનો અર્ધો અર્ધ ભાગ જમીનના મેહેસુલથી, નજદિક ૬ થી તે ૭ કરોડ રૂપીઆ અફીમથી, તેથી ઉતરતે દરજ્જે નિમકથી અને પછે બીજા અનેક છાપા તથા કરો અને જકાતોથી થાયછે. દેશ મધેની સમાધાની જાળવવાને અને પારકાઓથી બચાવ કરવાને સારી તરબિઅેત અને કવાએત આપેલું બે લાખ માણસનું લશકર છે; જેમાં ૭૦) હજાર માણસ ગોરૂં છે. આ દેશને હિસાબે ને માથે રૂપીઆ એક અબજનું કરજ છે.

આ દેશ સ્વભાવિકપણે ત્રણ રીતે વહેંચાયછે. ૧ લી એકે—વિંધ્યાચળ પર્વત જે ગુજરાતની પુર્વથી તે ગંગાનદી સુધી પહોંચ્યોછે; અને તેથી

હિંદુસ્તાનના ઉત્તર અને દક્ષિણ એવા બે ભાગ થાયછે. મોગળ પાદશાહોના વખતમાં એ બે ભાગની હદ માટે નર્મદા નદી મુકરર કરી હતી. ૨ જી—સ્વભાવિક વહેંચણીથી હિંદુસ્તાનના ત્રણ કડકા થાયછે. હિમાલય પર્વત અને શિવાલિક પહાડ વચ્ચેનો એક; જે ઉત્તર હિંદુસ્તાનને નામે બોલયછે. શિવાલિક અને નર્મદા નદી વચ્ચેનો બીજો; જે મધ્ય હિંદુસ્તાનને નામે બોલાયછે. અને નર્મદાથી તે હિંદુસ્તાનના છેક દક્ષિણ છેડા સુધીનો ત્રીજો; જે દખણ અથવા દક્ષિણ હિંદુસ્તાનને નામે ઓળખાયછે. ૩ જી—સ્વભાવિક રીતે આ દેશ ચાર ભાગોમાં વહેંચાયછે:— ૧ લો ભાગ—હિમાલય પર્વત આગળનો મોટો પ્રાંત. ૨ જો—ખુદ હિંદુસ્તાન, જેની અંદર સિંધુ અને ગંગા નદીના પ્રાંતો, સિંધનું મોટું રેતીનું રણ અને મધ્ય હિંદુસ્તાનની પહાડી જગ્યા આવીછે. ૩ જો—દક્ષિણ હિંદુસ્તાન, જેની ઉત્તરે વિંધ્યાચળ પર્વત તથા પુર્વ, પશ્ચિમ, ને દક્ષિણે ઉંચા ને લાંબા પહાડોની હાર લાગી રહીછે જે પુર્વ ને પશ્ચિમ ઘાટોને નામે ઓળખાયછે; અને વચ્ચે નર્મદા તથા તાપી નદીઓ પરના આબાદ શાહેરો આવ્યાંછે. ૪ થો—બ્રહ્મપુત્રા નદીની મોટી ખિણ.

હિંદુસ્તાનના રાજ્યકી ભાગો નિચે પ્રમાણે છે:—

૧—બંગાળ ઇલાકો—જે બંગાળા, ઓરિસા અથવા ઓધ્યા, બહાર, આસામ, ને છોટા નાગપુર મળીને થયોછે.

૨—વાયવ્ય કોણના અયોધ્યા પ્રાંતો—જે બનારસ, અલાહાબાદ, આગ્રા, રોહિલખંડ, મિરત, કમાઉન, ને અજોધ્યા મળીને થયોછે.

૩—પંજાબ ઇલાકો—જે પંજાબ, સરહિંદ અને દિલ્લી મળીને થયોછે.

૪—મધ્યપ્રાંતો, અને બીરાર—જે દખણની ઉત્તરે આવ્યોછે.

૫—**મુંબાઈ ઈલાકો**—જેમાં સિંધ, ગુજરાત, કચ્છ, મહારાષ્ટ્ર (દખ્ખણ ને કોંકણ સહિત,) અને દખ્ખણ મરાઠા તથા ઉત્તર કનારા આવ્યાંછે.

૬—**મદ્રાસ ઈલાકો**—જે ઉત્તર સરકાર, કર્ણાટક, મલબાર (દખ્ખણ કનારા સહિત,) બાલાઘાત, અને કોઈમ્બતુર મળીને થયોછે.

કાશ્મિર—જેહલમ નદીને કાંઠે સમુદ્રની સપાટીથી ૫) હજાર ફીટની ઊંચાઈપર ઘણી ફળવંત ને લીલોતરીના છાયાથી ભરેલી ખિણમાં છે. એને શ્રીનગર કરીને પણ કહેછે. અહિં ઘણીજ નાદર ને કિમતી શાલ બનેછે. વસ્તી ૫૦) હજારની અંદર છે. આ મુલુક સન ૧૮૪૫ માં શીખ સાથની લડાઇમાં અંગ્રેજ સરકારને ખરચના પેટામાં મળ્યો હતો, પણ પછે ગુલાબસિંગ મહારાજાએ એક કરોડ રૂપીયા આપી તે પાછો છોડવી લીધો.

ખટમાંડુ—નેપાળનું રાજધાની શહેર. એ બિશ્નમતિ નદીપર છે. વસ્તી ૪૦ થી ૫૦ હજાર સુધીની છે. એમાં બૌદ્ધ ધર્મને લગતાં દેવળો ઘણાં છે. અને થોડે વેગળે બૌદ્ધનું શંભૂનાથ નામે પ્રખ્યાત દેવળ છે. એ શહેરની પશ્ચિમે ૫૩ મૈલપર ગોરખાના મુલુકનું ગોરખ શહેર છે; અને પુર્વે અસલના મિથિલાના રાજાઓની રાજધાનીનું શહેર **જનકપુર** છે. અહિં સતવંતી સીતાના બાપ જનક રાજાએ પણ રાજ્ય કર્યું હતું.

ટાસિટયુડન—એ ભુટાનના પહાડી મુલુકનું મુખ્ય શહેર. દર ત્રણ વર્ષે લોકો જેને રાજા તરીકે પસંદ કરી ઠરાવે તેને દેબરાજા કહેછે, અને તે આ શહેરમાં રહેછે. આ લોકો બૌદ્ધ ધર્મ માનનારા છે. તેઓનો જે ધર્મગુરૂ લામા તેને તેઓ ધર્મરાજા કરીને કહેછે.

બંગાળ ઇલાકો.

કલકતા—કુલ બ્રિટિશ હિંદુસ્તાનની મુખ્ય રાજધાની, સમુદ્રથી ૧૦૦) મેલની વેગળાઇએ હુગલી નદીના કાંઠા પર છે. એમાં વાઇસરાય ને ગવર્નર જનરલની રાજ્ય ગાદી છે. અત્રે એક મોટો ને ઘણો મજબુત ફોર્ટ વિલ્યમ નામે સન ૧૭૦૦ માં બાંધેલો કિલ્લો છે. વ્યાપારમાં આખા એશિયા ખંડમાં પહેલી પદવી ધરાવેછે. એમાં ઘણી મોટી ને નામીચી ઇમારતો હોવાથી તે મહેલોનું શહેર કરીને પણ બોલાયછે. વસ્તી ૫ થી તે ૬ લાખ સુધી છે. આ શહેરમાં અંગ્રેજોએ પહેલો પગ પેસારો વેપારસર સન ૧૬૯૦ માં કીધો, અને ૧૬૯૮ માં કોઠી સ્થાપી, સન [illegible] માં એમાં ધરતીકંપ સાથનું એક ભારી તોફાન થયું હતું; જેથી વહાણો, ઘરો, તથા ઢોરો વગેરે ૩ લાખ આદમીનો નાશ થયલો બોલાય છે. સન ૧૭૫૬ માં અંગ્રેજો ઉપર સુબેદાર સુરાજ-ઉ-દવલાએ હુમલો કરી તેમનો કિલ્લો લઇ મુકયો તથા ૧૪૬ અંગ્રેજોને કેદ કીધા. આ કમનસીબ બંધવાઓને એક અંધારી કોટડી જે માત્ર ૨૦) ચોરસ ફીટથી વધારે ન હતી તેમાં ગોંધ્યા. તાજી હવા ન મળ્યાથી એક રાત્રના ટુંક વખતમાં ઉપલા ૧૪૬ મધેથી ૧૨૩) ના જીવ ગયા. ત્યાર બાદ પ્લાસીની લડાઇમાં કરનલ રાબર્ટ કલાઇવે એ કીલ્લો તારીખ ૨૩ મી જુન ૧૭૫૭ ને દને પાછો હાથ કીધો. આ દિવસથી હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્યસત્તાનો અચળ પાયો નખાયો.

મુર્શિદાબાદ—ભાગીર્થિ નદીને કાંઠે. બંગાળાના સુબેદારોના વખતમાં એ રાજધાની શહેર હતું. સન ૧૭૧૧ શુધી અંગ્રેજોનું બંગાળાને લગતું મુખ્ય મઠક હતું. એમાં રેશમ તથા ગાલીચાનાં કારખાના છે. વેપાર ઠીક છે.

પટણા—ભાગીથિને કાંઠે બહાર પ્રાંતનું મુખ્ય શહેર છે. આગળ આ ઠેકાણે મગધપુરની રાજધાની પાટલીપુત્ર શહેર હતું. પ્રથમ એમાં અંગ્રેજ ફ્રેન્ચ, ડચ, ડેન વગેરે યુરોપિયન લોકોની કોઠીઓ હતી. એમાં સન ૧૭૬૩ માં મીર કાસીમે ૨૦૦) અંગ્રેજોને દગાથી ઠાર માર્યા હતા. અત્રે ૩ લાખ સુધીની વસ્તી છે. અફીમની તથા ઘણી સારી જાતના ચોખાની અહિં નિપજ છે, તથા સુરોખાર, કાળીગુલી, સન ને ખાંડ વગેરેનો બહોળો વ્યાપાર છે.

ઢાકા—બુઢી ગંગા નદીને કાંઠે બંગાળ પ્રાંતનું એક શહેર છે. આગળ એમાં બહુ વખાણવા જોગ મલમલ બનતી હતી. એમાં પણ આગળ યુરોપીયન લોકોની લાઠીઓ હતી. એ શેહેરનો કેટલોક ભાગ હમણા જંગલ થઈ, વાઘ અને ઝેરી સાપો વગેરેનું રહેઠાણ થઈ પડયુંછે.

જગન્નાથપુરી—ઓરિસાના ભાગમાં મહા નદીની એક સાખાના મુખ પાસે છે. જગન્નાથજીનું પ્રસિદ્ધ દહેરું એમાં છે, જે સન ૧૧૯૮ માં બંધાયું હતું. તેનો ચાલુ ખરચ જાત્રાળુઓ પુરો પાડેછે. તેમાં કૃષ્ણ, તેના ભાઈ બળરામ, ને બહેન સોભદ્રાની મુરતિઓ છે; તેઓને દર વર્ષે ચૈત્ર માસમાં રથમાં બેસાડી ફેરવવા કહાડેછે. આગળ આ રથ નીચે સુઇને વહેમી હિંદુઓ કચડાઈ જીવ આપતા, અને પોતાના બદનના ભાગો ઉપર અનેક શક્તિઓ પાદવાની **ચરકપુજા** નામની ક્રિયા કરતા હતા. એ વગેરે આ ઇલાકાને લગતાં બીજાં શહેરોમાં—બર્દ્વાન, બહાર, ગાયા, ચિતાગાંગ, મોંગીર, વગેરે છે.

વાયવ્ય કોણના પ્રાંતો.

બનારસ અથવા કાસી—ભાગીર્થિ નદીને કાંઠે હિંદુઓનું પ્રાયશ્ચિત કરવાનું પવિત્ર શહેર છે. બ્રાહ્મણોનું ધર્મશાસ્ત્રને લગતા વિદ્યાઅભ્યાસ

કરવાનું મુખ્ય મઠક છે. એમાં માન મંદીર, ને જૈન મદીર નામની મોટી ઇમારતો, ઔરંગઝીબ બાદશાહે બંધાવેલી બુલંદ મિનારા સાથની મસજીદ વગેરે ૩૦૦ થી વધારે મસજીદો, અને એક હજાર કરતાં વધારે દહેરાં છે. એમાં કાલીગુલી, અફીમ, રેશમ વગેરેનો સારો વેપાર છે. વસ્તી ૨) લાખની અંદર છે. ગવર્નર જનરલ વારન હેસ્ટિંગસે સન ૧૭૮૧ માં ઘણી કઢંગી રીતે અંગ્રેજ સરકાર હસ્તક કરી લીધું.

અલાહબાદ—ગંગા જમુનાના સંગમ ઉપર. એને પ્રયાગ અથવા ભાટ. પ્રયાગ કરીને પણ કહેછે. એમાં લેફટેનન્ટ ગવર્નર રહેછે; તથા એમાં લશ્કરી મોટી છાવણી છે. એનું અલાહબાદ નામ અકબર બાદશાહે આપ્યું હતું [illegible] જે રાતા પથરનો અત્રે એક મજબુત કિલ્લો છે, તે પણ અકબરેજ બંધાવ્યો હતો. એ એક હિંદુઓનું તીરથ જાત્રા કરવાનું ઘણું પવિત્ર શહેર ગણાય છે. સન ૧૮૫૭ ના લશ્કરી બલવામાં થોડા દિવસ એ બલવાખોરોને હસ્તક ગયું હતું; પણ મદ્રાજી અંગ્રેજી લશ્કરે જનરલ નીલની સરદારી હેઠળ પાછું હાથ કીધું.

કહાનપુર—ગંગા જમુના નદીઓની વચ્ચે લખનોરની નૈરૂત્ય કોણે ૫૦) મેલ પર છે. અત્રે ૧૮૫૭ ના બલવામાં બીઠુરબાવા નાનાસાહેબે (બાજીરાવ પેશવાના દત્તકે) અંગ્રેજ મરદ, ઓરત, અને બચ્ચાંઓ વટીકને નાતરસપણે અને વિશ્વાસઘાત કરીને કતલ કરાવ્યાં હતાં.

હરદ્વાર અથવા ગંગાદ્વાર—શિવાલિક પહાડની હેઠાણમાં છે. એ શેહેર પણ હિંદુઓનું તીરથ કરવાનું મોટું ધામ છે. હરસાલ ચૈત્ર માસમાં ૨ થી ૩ લાખ જાત્રાળુ લોક એકઠું મળેછે; પણ દર ૧૨) વર્ષે જે કુંભમેલો નામે જાત્રા આવેછે ત્યારે કોઈ કોઈવાર ૨૦) લાખ સુધી આસામી જમાવ થાયછે. આ જાત્રામાં વૈષ્ણવો અને વેરાગી લોકો સ-

ચોપડીએ નાહાવાના વહેમથી એવા તો અધીરા પડી જાયછે કે ઘણીવાર મોટી ગડબડ અને મારામારી થઇ પડેછે. સન ૧૮૧૯ માં એમ ઉતાવળ કરતાં ૪૦૦) આસામી નદીમાં ડુબી મરણ પામ્યાં હતાં.

લખનોર—અયોધ્યા અથવા અજોધ્યા પ્રાંતનું યા ઔદના મુલુકનું મુખ્ય શાહેર, ગોમતી નદીને કાંઠે છે. આગળ એ લક્ષ્મિનાવતી નામથી ઓળખાતું હતું. એમાં આગળા વખતની ઘણી ઉમદા અને મોટી ઈમારતો, બાગો વગેરે સારાં છે. સન ૧૮૫૬ માં એ શેહેર તેના બાદશાહા વજીદ અલીશાહાની નાલાયકાતને લીધે હિંદુસ્તાનના ગવર્નર જનરલ લાર્ડ ડેલાવસીએ અંગ્રેજી સલતનતમાં મેલવી દીધું હતું. એમાં ૨॥ થી તે ૩ લાખ માણસની વસ્તી છે. સન ૧૮૫૭ ના મે મહિનાની તારીખ ૨૧ મીએ અત્રેનું બધું દેશી લશ્કર બલવો લઇ ઉઠયું હતું. આ બલવામાં સર હેનરી લારેન્સ અને કરનલ હેવલાકની સરદારી હેઠળના અંગ્રેજી મુઠી ભર લશ્કરે ૮૭) દિવસો સુધી ૬૦) હજાર બલવાખોરો સામે ઘણીજ બહાદુરીથી પોતાના બંચાવમાં રેહેવા માટે, અને ત્યાર બાદ તારીખ ૨૧ મી માર્ચ ૧૮૫૮ ને દીને તેમનો છુટકારો કરવા તથા બલવાખોરો ઉપર પુરી ફતેહ મેળવવામાં જનરલ આઉતરાંમના અને સર કાલિન કેમપબેલ (જે પાછળથી લાર્ડ કલાઈડ થયો હતો) તેમના લશ્કરે દેખાડેલી બહાદુરી માટે એ શાહેર પ્રખ્યાત થયુંછે.

આગ્રા—એ શાહેર દિલ્લીથી ૫૦) મૈલને છેટે જમના નદીને કાંઠે છે. પ્રથમ સન ૧૫૦૪ થી તે ૧૬૪૭ સુધી મોગલવંશની રાજધાનીનું શાહેર હતું. એને અકબરાબાદ કરીને પણ કહેતા હતા. એમાં શાહાજેહાં બાદશાહાનો રાજ્યમહેલ, તથા આજ લગભગ ૨૫૦) વર્ષપર બંધાયલા તાજ મહાલ અને મોટી મસીદો વગેરે જોવા લાયક ઘણું છે.

આ જગત પ્રસિદ્ધ તાજ મહાલની ઇમારત બાંધવાને એવું કહેવાયલું છે કે ૨૦ હજાર માણસોને ૨૨) વર્ષ સુધી કામે લગાડયાં હતાં; અને તેપર જે ખરચ લાગો તે વિષે કહેછે કે તે ૩ા કરોડ રૂપીઆથી ઓછો ન હતો. એ મધે શાહાજેહાંની, તથા તેની બેગમ મુમતાજ મહેલની કબરો છે. એ શાહેરને ફરતો લાલરંગના પથરનો ભોંય કિલ્લો, અને તેને ફરતી ઊંડી ચર છે. મરાઠા સાથની લડાઇમાં એ શાહેર સન૧૮૦૩ માં અંગ્રેજી સરદાર લાર્ડ લેકની સરદારી હેઠળના લશ્કરે ફતેહ કીધું હતું.

ઉપર જણાવેલાં વગેરે બીજાં જાણવા જોગ શાહેરોમાં—મિર્જાપુર, ફરકાબાદ, ફૈઝાબાદ, ગોરેખપુર, માત્રા, મિરત, પિલિભિત, બરેલી, રામપુર, અલમોરા, કલિંજર, કનોજ, ભરતપુર, ને બદ્રિનાથ છે.

પંજાબ ઇલાકો.

મુલતાન—એ શેહેર પંજાબ અને સિંધ એ બેઉની હદમાં ચિનાબ નદીને કાંઠે છે. એ ઘણું કિલ્લેબંધી કીધેલું આગળા વખતથી જાણીતું શાહેર છે. એમાં રેશમી તથા સુતરાઉ કાપડ, શાલ, વગેરે સારાં થાયછે. સન ૧૮૧૮ માં અફગાનો પાસેથી રંજીતસિંગે એ મેળવ્યું હતું. બાદ સન ૧૮૪૯ ના માર્ચ મહિનામાં અંગ્રેજ સરકારે ભારી લડાઇ કરીને તથા પોતાના ૧૯૦૦૦) લડવૈયાઓનો ભોગ આપીને, સિખની ૬૦) હજાર માણસની ફોજને એકંદર શરણ કરીને, તેમના સરદાર મુલરાજ પાસેથી જીતી લીધું. કોહેનુર નામનો પંકાયલો હીરો એ લડાઇમાં લુટ તરીકે અંગ્રેજ સરકારને હાથ આવ્યો હતો. હાલમાં તે હીરો આપણાં મહારાણીજી વિકટોરીઆના અમુલ્ય તાજમાં ઘટતી જગ્યાએ બીરાજે છે.

લાહોર—રાવી નદીપર છે. અહયાં લેફટનન્ટ ગવર્નરની ગાદી છે. આગળ મુસલમાન લોકોના વખતમાં, અને પછે રાજા રંજીતસિંગના વ-

બત સુધી સીખ લોકોની રાજધાનીનું શહેર હતું. એની આસપાસ ૭ મૈલ ઘેરાવાની, અને ૩૦) ફીત ઊંચાઇની તથા ૧૨) દરવાજાની એક દેવલ બાંધી લીધેલી છે. અહીં જે ભાગ સાદરાને નામે બોલાયછે ત્યાં જેહાંગીર બાદશાહાની મોટી ને નામીચી ઘોર છે. અત્રે દહેડાં, મસીદો, દેવળો મોટી મોટી હવેલીઓ, અને મોટા બાગબગીચા વગેરે ઘણાં ને સારાં છે. સર્વેથી સરસ બગીચો **શાલેમારનો** કહેવાયછે; જે જેહાંગીર બાદશાહાની કારકિર્દિમાં બનેલો છે. એમાં નઝદિક ૫૦૦) તો ફુઆરા હતા. સન ૧૮૪૯ માં અંગ્રેજ સરકારે એ શહેર જીતી લીધું.

અમૃતસર—એ લાહોરને ઇશાન કોણે ૩૨) મૈલપર બીયા અને રાવી નદીઓની વચ્ચે સીખ લોકોનું ઘણું પવિત્ર શહેર છે. અહયાં ગુરૂ રામદાસે સન ૧૫૮૧ માં બંધાવેલું અમૃત તલાવ, અને ગુરૂ નાનકની યાદગારી માટે બંધાયલું મંદીર છે. સન ૧૮૪૬ માં એ શહેર અંગ્રેજી હાકમી તળે આવ્યું.

દિલ્લિ—આગ્રાની વાયવ્ય કોણે ૧૪૦) મૈલપર જમુના નદીને કાંડે મોગલ બાદશાહોના વખતમાં કુલ હિંદુસ્તાનનું પાયતખ્ત શહેર હતું. ઇસ્વી સન ૧૧૯૩ માં પહેલ વહેલું મુસલમાની રાજ્ય ગુલામ વંશના કુતબુદીન બાદશાહે અહીયાં સ્થાપ્યું હતું. સન ૧૩૯૭ માં તૈમુરલંગ બાદશાહે એ શહેરને જીતી, લુટી, તથા એક લાખ બંદીવાનોના જીવ લીધા સાથ બાળી ભસ્મ કીધું હતું. ત્યારબાદ તુર્ક બુન્યાદના અફગાની હાકેમ સુલતાન બાબરે સન ૧૫૨૫ માં મોગલ વંશની, અને મોગલાઇ હકુમતની સ્થાપના કીધી, પછે સન ૧૬૩૧ માં પાદશાહા શાહાજેહાંએ એને ફરીને વસાવ્યું તે છેક એ વંશનો ઔરંગજીબ બાદશાહા સન ૧૭૦૭ માં મરણ પામ્યો ત્યાંસુધી ટકી રહ્યું હતું. એ શહેરની ત્રણ બાજુએ કોટ અને ચોથી બાજુએ નદી લાગેછે. એમાં જુમા મસીદ, તથા પાદ-

સાહી મહેલ, અને મોટી મોટી ઇમારતો વગેરે ઘણું જોવા જેવું છે. શાહેરની બહાર હુમાયુનની કબર તથા ૨૬૫) ફીટ ઊંચાઇનો મહાભારત કુતુબ મિનાર નામનો મિનારો છે. એવું કહેછે કે આગળ એકવાર એમાં ૨૦) લાખ માણસની વસ્તી થઇ હતી. એ શાહેર હોલકર વચ્ચેની લડાઇમાં સન ૧૮૦૩ માં અંગ્રેજ સરકાર હસ્તક થયું. સન ૧૮૫૭ ના માસ મેની તારીખ ૧૧ મી થી તે તારીખ ૨૦ મી સપટેંબર સુધી એ શાહેર લશ્કરી બલવાઓરોને હાથ ગયું હતું; અને તેઓએ ત્યાંના યુરોપિયન રહેવાસીઓના જીવ લીધા હતા. પણ તારીખ ૨૧ મી સપટેંબરે અંગ્રેજી લશ્કરે જનરલ વિલસનની સરદારી હેઠળ પાછું છિનવી લીધું. એ[illegible]ની સુમારે ૧॥ થી બે લાખ સુધી ગણાયછે.

એ વગેરે આ ઇલાકામાં—લુધીઆના, અમબાલા, ગુજરાત, થાનેશ્વર, પાણીપત, ને પેશાવર જાણવા જોગ છે. (પેશાવર માટે અફગાનિસ્તાનમાં જોવું.)

મધ્ય પ્રાંતો.

નાગપુર—એ બેરારના ભાગનું મુખ્ય શાહેર છે. એની પશ્ચિમે શીતાબાળદી નામે ઊંચો ડુંગર છે. આ શાહેરમાં ધોતીઆં, પાઘડી, સાડી કિનખાબ, છીંટ, ધાબળી, ખાદી વગેરે કાપડ ઘણું વણાયછે. અહીંનો રાજા વગર વારસે મરણ પામ્યાથી સન ૧૮૫૩ માં ગવર્નર લાર્ડ ડુલાવસીએ અંગ્રેજી રાજમાં મેળવી લીધું.

બીજાં જાણવા જોગ શાહેરોમાં સાગર, જબલપુર, સંબલપુર, ઉમરાવતી, આકોલા, બુરાનપુર, ને ઇલીચપુર વગેરે છે.

રજપુતસ્થાન.

જોધપુર—મારવાડમાં મુખ્ય શાહેર, લુણી નદીને કાંઠે છે. હથીદાંત, ચામડાં, તથા કાચનો શોભીતો સામન અહિં બનાવેછે. એની નઝદિકમાં મહામંદીર અને મોતી મહેલ નામે સંગેમરમરના પથરનો બાંધેલો મહેલ છે.

અબુ—સિરોહીના ભાગમાં ૫૦૦૦) ફીટ ઊંચાઇનો એક પહાડ છે ને તે ઉપર જૈનધર્મને લગતાં આરસ પહાણનાં ઘણાજ શોભાયમાન ને સુંદર દેવળો છે. જૈન લોકોની એ તીર્થની જગા છે. દેવળોની બંધાઈ ઉપર ૧૮ કરોડ રૂપીઆનો ખરચ લાગેલો કહેવાય છે. અહિંની હવા ઘણી સુખકારક છે.

ઉજજણ—માલવા પ્રાંતમાં સમુદ્રની સપાટીથી [illegible]) ફીટ ઊંચાઈપર છીપ્રા નદીને કાંઠેછે. એની આસપાસ બાગબગીચા અને કુંજો બહુ છે. એ ઘણા પુરાણા વખતથી પ્રસિદ્ધ શાહેર છે, એમાં રાજા વિક્રમ રાજ કરી ગયા, જેના નામનો સંવત ઇ૦ સ૦ પૂ૦ ૫૭ થી શરૂ થયોછે તે આજ સુધી ચાલુ છે.

ગ્વાલિઅર—આગ્રાની દક્ષિણે ૬૫ મૈલપર સિંધિઆનું રાજધાનીનું શાહેર. એનો ડુંગરી કિલ્લો ઘણા જુના વખતનો અને ઘણો મજબુત છે. એ કિલ્લો સન ૧૮૫૮ માં અંગ્રેજ સરકારે લઈ લીધો.

મુંબઈ ઇલાકો.

મુંબઈ—એ એક ટાપુના આકારમાં અરબી સમુદ્રમાં કોકણપટીના કિનારાપર પશ્ચિમ હિંદુસ્તાનનું બ્રિટિશ રાજધાનીનું શાહેર છે; અને હિંદુસ્તાન તરફના અંગ્રેજી દરિઆઈ લશ્કર તથા લડાઇ વગેરેનાં મોટાં વહાણો બાંધવાનું મુખ્ય મથક છે. પ્રથમ એ ઘણું નાનું, કઢંગુ તથા રોગિષ્ટ, એક નાબિસાત ગામડું હતું. વલી છાસ્તી, માહીમ, કોલાબા,